રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 246 | Dt. 17-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

પોલીસ પર હુમલો કરનાર બે આરોપીના પગમાં ગોળી ધરબાઈ

રાજકોટ પોલીસનું ઓપરેશન લંગડા

તન્વી ગોલ્ડ રિફાઇનરી લૂંટ-મર્ડર કેસના શૂટર અનુરાગ રાજપૂતે પંચનામા વખતે ફાયરિંગ કરતા ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વનરાજસિંહ ડોડીયાએ વળતા જવાબમાં જમીનદોસ્ત કર્યો : રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની ટીમ પર હુમલો કરનાર હિસ્ટ્રીશીટર દેવેન્દ્ર ઉર્ફે ડેન્ડુ બોરીચાને પીએસઆઈએ પાઠ ભણાવ્યો : બંને ઘટનાઓમાં સ્વબચાવમાં સમયસૂચક ફાયરિંગ કરી પોલીસે ગુનેગારોમાં ફફડાટ ફેલાવ્યો, ભારે બંદોબસ્ત વચ્ચે બંને આરોપીઓ સિવિલ હોસ્પિટલમાં દાખલ

રાજકોટ, તા.૧૬

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ગુનેગારોને પાઠ ભણાવવા માટે પોલીસ હવે સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગઈ છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ પોલીસની વર્દી પર હાથ નાખવાની હિંમત કરનાર અસામાજિક તત્વોને તેમની જ ભાષામાં જવાબ આપવાની બે મોટી અને અલગ-અલગ ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ છે.

બે અલગ-અલગ ઓપરેશનમાં પોલીસ ટીમ પર જીવલેણ હુમલો કરવાની કોશિશ કરનાર બે ખૂંખાર અને રીઢા ગુનેગારોને પોલીસે સ્વબચાવમાં ગોળી મારીને જમીનદોસ્ત કર્યા છે. આ બંને ઘટનાઓમાં પોલીસ અધિકારીઓએ અદ્ભુત હિંમત અને સમયસૂચકતા વાપરીને હુમલાખોરોના પગમાં ગોળી ધરબી દીધી હતી જેના કારણે ગુનાહિત જગતમાં ભારે ફફડાટ મચી ગયો છે.

પ્રથમ ઘટનમાં રાજકોટ શહેરમાં ભારે ચકચાર જગાવનાર તન્વી ગોલ્ડ રિફાઇનરી લૂંટ અને મર્ડર કેસમાં અત્યંત ચોંકાવનારો વળાંક જોવા મળ્યો હતો. આ કેસના મુખ્ય શૂટર અને ખતરનાક આરોપી અનુરાગ સિંહ રાજપૂતને હિરાસર એરપોર્ટ નજીક આવેલા આર.કે. ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં જ્યારે પોલીસ ટીમ ગુનાના સ્થળે પંચનામું કરવા અને પુરાવા એકત્ર કરવા માટે લઈ ગઈ હતી, ત્યારે તેણે અચાનક પોલીસ કાફલા પર હુમલો કરી દીધો હતો. આરોપી અનુરાગે ઘટનાસ્થળે અગાઉથી છુપાવી રાખેલા અન્ય એક હથિયાર વડે પોલીસ જવાનો પર ધડાધડ બે રાઉન્ડ ફાયરિંગ શરૂ કરી દેતાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી.

જીવલેણ હુમલા બાદ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઈ વનરાજસિંહ ડોડીયાએ ગજબની હિંમત અને સમયસૂચકતા દાખવી હતી. તેઓએ પોતાની અને અન્ય જવાનોની સુરક્ષા તેમજ સ્વબચાવમાં તાત્કાલિક વળતું ફાયરિંગ કર્યું હતું. તેમની બંદૂકમાંથી છૂટેલી ગોળી સીધી જ આરોપી અનુરાગના પગમાં વાગતાં તે લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો અને ત્યારબાદ પોલીસે તેને તરત જ દબોચીને કાબૂમાં લઈ લીધો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજકોટની લૂંટ વિથ મર્ડરની ઘટનામાં અનુરાગ ૧૦ આરોપીઓમાનો મુખ્ય આરોપી છે. હાલ તેને પગમાં ધરબી દેવાયેલી ગોળીની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. બનાવ બનાતાજ સિવિલ હોસ્પિટલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ દોડી જઈને ઘાયલ વનરાજસિંહ ડોડીયામના ખબર અંતર પૂછી, પીઠ થાબડી, ઓપરેશન લંગડાની પ્રસંશા કરી હતી.


વનરાજસિંહ ડોડિયા


અનુરાગ રાજપૂત(આરોપી)


દેવેન્દ્ર ઉર્ફે ડેન્ડૂ (આરોપી)

રેન્જ આઈજીની ટીમ પર હુમલો કરનાર હિસ્ટ્રીશીટર ડેન્ડુને વળતો જવાબ

પ્રથમ ઘટનામાં રાજકોટ રેન્જ આઇજી નિર્લિપ્ત રાયની ટીમ પર એક ખૂંખાર આરોપી દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર અને અમદાવાદ ગ્રામ્ય સહિતના વિવિધ જિલ્લાઓમાં છ જેટલા ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા હિસ્ટ્રીશીટર દેવેન્દ્ર ઉર્ફે ડેન્ડુ ઉર્ફે જેન્ડુ બોરીચાને પકડવા માટે પોલીસની ટીમ ગઈ હતી. આ ઓપરેશન દરમિયાન આરોપી દેવેન્દ્રએ પોલીસની કાર્યવાહીથી બચવા પીએસઆઈ ભાનુભાઈ મિયાત્રાની રિવોલ્વર આંચકીને તેમના પર જ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઝપાઝપી દરમિયાન સ્થિતિની ગંભીરતા પારખીને રેન્જના પીએસઆઈ પૃથ્વીસિંહ મોરીએ તાત્કાલિક એક્શન લીધા હતા. તેમણે ચેતવણી આપવા પહેલો રાઉન્ડ હવામાં ફાયર કર્યો હતો, પરંતુ આરોપી ન માનતા બીજો રાઉન્ડ સીધો હુમલાખોર દેવેન્દ્રના પગમાં ધરબી દીધો હતો. હથિયાર ધારા અને મારામારી સહિતના ગુનાઓ ધરાવતા તેમજ અગાઉ વર્ષ ૨૦૨૨માં એટીએસના હાથે ઝડપાઈ ચૂકેલા અને પાસા કાપી ચૂકેલા આ આરોપીને પગમાં ગોળી વાગતા તે ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક સારવાર માટે સાયલા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે અને તેની સામે ફરજમાં રૂકાવટ અંગે વધુ એક ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ બંને ઘટનાઓમાં ખાખી વર્દીની હિંમતભરી કાર્યવાહીએ સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે કાયદાના રક્ષકો પર હુમલો કરનાર કોઈપણ ગુનેગારને બક્ષવામાં આવશે નહીં. પોલીસની વળતી કાર્યવાહીમાં ગોળીનો શિકાર બનેલા શૂટર અનુરાગને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. પોલીસ ટીમ પર હુમલાની આ ગંભીર ઘટનાની જાણ થતાં જ ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા સહિતના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા. હાલમાં બંને આરોપીઓની સઘન સુરક્ષા વચ્ચે સારવાર ચાલી રહી છે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવીને આગળની કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

માત્ર ૪૫ પૈસામાં ૧૦ લાખનું વીમાકવચ

રેલવે મુસાફરો માટે સારા સમાચાર, સુપ્રીમ કોર્ટના કડક આદેશ બાદ ભારતીય રેલવે દ્વારા મોટો ફેરફાર

નવી દિલ્હી, તા.૧૬

રેલવે મુસાફરો માટે એક ખૂબ જ રાહતના અને ખુશીના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટના કડક આદેશ બાદ ભારતીય રેલવે દ્વારા એક મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવી રહ્યો છે. હવે ઓનલાઈન ટિકિટની જેમ જ રેલવે સ્ટેશનના ટિકિટ કાઉન્ટર પરથી રિઝર્વેશન ટિકિટ ખરીદનારા સામાન્ય મુસાફરોને પણ મુસાફરી દરમિયાન વીમા કવચનો લાભ મળશે. રેલવે તંત્ર દ્વારા આ નવી અને આવકારદાયક વ્યવસ્થા આગામી ૨૭ ઓક્ટોબર ૨૦૨૬થી ફરજિયાતપણે લાગુ કરવામાં આવશે.

અત્યાર સુધી માત્ર IRCTCની વેબસાઇટ કે મોબાઇલ એપ દ્વારા ટિકિટ બુક કરાવનારા મુસાફરોને જ યાત્રા વીમાનો વિકલ્પ મળતો હતો, જ્યારે કાઉન્ટર પરથી સીધી ટિકિટ લેનારા લોકો આ સુરક્ષાથી વંચિત રહી જતા હતા. આ નવા નિર્ણયથી



ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ ન કરી શકતા સામાન્ય વર્ગના મુસાફરોને પણ હવે સમાન સુરક્ષા કવચ મળશે અને ઓનલાઈન તેમજ ઑફલાઈન ટિકિટ વચ્ચેનો ભેદભાવ કાયમ માટે દૂર થશે.

હાલમાં ઓનલાઈન બુકિંગ માટે લાગુ નિયમ મુજબ મુસાફર દીઠ માત્ર ૪૫ પૈસાના સામાન્ય પ્રીમિયમમાં મુસાફરી દરમિયાન અકસ્માત, મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં ૧૦ લાખ રૂપિયા સુધીનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. કાઉન્ટર ટિકિટ માટે પ્રીમિયમનો ચોક્કસ દર શું રહેશે, જરૂરી દસ્તાવેજો કયા જોઈશે અને ક્લેમ કરવાની વિગતવાર પ્રક્રિયા શું હશે, તે અંગે રેલવે દ્વારા ટૂંક સમયમાં સત્તાવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટની લાલ આંખ અને સ્પષ્ટ આદેશ જૂન ૨૦૨૩માં ઓડિશામાં થયેલા ભીષણ ટ્રેન અકસ્માત બાદ રેલવે સુરક્ષા મુદ્દે ચાલી રહેલી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યો હતો. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને આર. મહાદેવનની બેંચે ઑફલાઈન મુસાફરોને વીમો આપવામાં થઈ રહેલા વિલંબ સામે ભારે નારાજગી દર્શાવી હતી. કોર્ટે રેલવે બોર્ડને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ૨૭ ઓક્ટોબર સુધીમાં આ સુવિધા ફરજિયાતપણે લાગુ કરવી પડશે, અન્યથા બોર્ડ સામે સીધી જવાબદારી નક્કી કરવામાં આવશે.

દિલ્હી પોલીસે 'ફ્લાઇ ધ તિરંગા' વિરોધ પ્રદર્શન પૂર્વે કર્યા ડીટેઇન

અભિજીત દીપકે-નેહા બોરાની અટકાયત

નવીદિલ્હી, તા. ૧૬

દિલ્હી પોલીસે શુક્રવારે ''ફ્લાઇ ધ તિરંગા'' વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા જઈ રહેલા કોકરોચ જનતા પાર્ટીના નેતા અભિજીત દિપકે અને ઓલ ઇન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA) ના પ્રમુખ નેહા બોરાની અટકાયત કરી હતી. દિપકેને ઝાંડેવાલનથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા, જ્યારે બોરાને મંડી હાઉસથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા. અટકાયત દરમિયાન ભીડ, કેમેરા ક્રૂ અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અભિજીત દિપકેને અટકાયત બાદ જાફરપુર કલાન પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. આ બંનેની સાથે, ૧૫૦ અન્ય લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી. CJP સભ્યો સૌરવ દાસ અને આશુતોષ રંકાની ધરપકડ બાદ, અભિજીત દિપકેએ દિલ્હીના કનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્કમાં ''ફ્લાઇ ધ ત્રિરંગો'' વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી. જોકે,



શુક્રવારના વિરોધ પ્રદર્શન પહેલા પોલીસે અભિજીત દિપકેની અટકાયત કરી હતી. અહેવાલો અનુસાર, દિલ્હી પોલીસે દીપકને નિવારક કસ્ટડીમાં લીધો છે. સેન્ટ્રલ પાર્ક જતા સમયે તેને અટકાયતમાં લેવામાં આવ્યો હતો. નેહા બોરાને મંડી હાઉસથી પણ અટકાયતમાં લેવામાં આવી હતી.

દિલ્હી પોલીસ અધિનિયમ હેઠળ નવી દિલ્હી પોલીસે એક નોટિસ જારી કરી હતી, જેમાં અભિજીતને સેન્ટ્રલ પાર્કમાં પ્રવેશ ન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, કારણ કે ત્યાં ઈર્ઝિ ની કલમ ૧૬૩ લાગુ પડે છે. દક્ષિણપશ્ચિમ દિલ્હી પોલીસે બીજી નોટિસ જારી કરી હતી, જેમાં અભિજીતને જાણ કરવામાં આવી હતી કે અભિજીત, આશુતોષ અને સૌરવને એરપોર્ટ પરથી નિવારક કસ્ટડીમાં લીધા બાદ બંધ કરવામાં આવ્યા હતા અને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં કોર્ટે તેમને એક વર્ષ સુધી કોઈ ખલેલ ન પહોંચાડવાનો આદેશ આપ્યો હતો. શુક્રવારે દિલ્હી પોલીસ સંપૂર્ણપણે તૈયાર હતી. કનોટ પ્લેસ અને સેન્ટ્રલ પાર્ક, તેમજ સમગ્ર મધ્ય દિલ્હીને ઘેરી લેવામાં આવ્યું હતું. સમગ્ર વિસ્તારમાં ૬,૦૦૦ થી વધુ દિલ્હી પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની ૨૨૦ કંપનીઓ સ્ટેન્ડબાય પર હતી. સેન્ટ્રલ પાર્ક અને રાજીવ ચોકની આસપાસ ૧૦ થી વધુ નવા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. દિલ્હીના મુખ્ય વિસ્તારોમાં, જેમાં કનોટ પ્લેસ, રાજીવ ચોક, સેન્ટ્રલ પાર્ક, જંતર મંતર અને પાલિકા બજારનો સમાવેશ થાય છે, પોલીસ અને અર્ધલશ્કરી દળો સંપૂર્ણપણે તૈનાત છે. સેન્ટ્રલ પાર્કની અંદર સાત સ્તરની સુરક્ષા તૈનાત કરવામાં આવી હતી.

સર્વપક્ષીય બેઠક બોલાવો : મલ્લિકાર્જુન ખડગે

સંસદને ધક્કો મારવાનો પ્રયાસ ન કરોઃ વડાપ્રધાનને ખડગેએ લખ્યો ચોથો પત્ર

નવી દિલ્હી, તા.૧૬

પ્રક્રિયાગત અને બંધારણીય ચિંતાઓ ઉઠાવતા, કોંગ્રેસ પ્રમુખ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ચોથો પત્ર લખ્યો છે, જેમાં સીમાંકન અંગેના પ્રસ્તાવોને અંતિમ સ્વરૂપ આપવામાં આવે અને સંસદમાં લાવવામાં આવે તે પહેલાં તેની ચર્ચા કરવા માટે તાત્કાલિક સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરવામાં આવી છે.

શુક્રવારે મોકલવામાં આવેલા તેમના પત્રમાં, ખડગેએ ૧૩ ઓગસ્ટના રોજ ચોમાસુ સત્રને ઔપચારિક રીતે સ્થગિત કર્યા વિના અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યું ત્યારથી ૬૪ દિવસના ''અભૂતપૂર્વ'' અંતરને ચિહ્નિત કર્યું હતું, અને સરકારને સર્વસંમતિ વિના દૂરગામી બંધારણીય સુધારાઓ પસાર કરવા સામે ચેતવણી આપી હતી.

''સંસદના ચોમાસુ સત્રને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખ્યાને ૬૪ દિવસ થઈ ગયા છે અને સંસદના બંને ગૃહોની કાર્યવાહી હજુ સુધી સ્થગિત કરવામાં આવી નથી. આ દૃશ્ય અભૂતપૂર્વ છે,'' ખડગેએ લખ્યું.જ્યારે સંસદ અનિશ્ચિત સમય માટે સ્થગિત થાય છે, ત્યારે સત્ર ફરી શરૂ કરવા માટે કોઈ દિવસ નક્કી કર્યા વિના અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવે છે. જોકે, સત્રના ઔપચારિક અંત માટે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સત્તાવાર મુલતવી રાખવાનો આદેશ જરૂરી છે. ખડગેએ ધ્યાન દોર્યું હતું કે બંને ગૃહોને બે મહિનાથી વધુ સમય માટે મુલતવી રાખવાથી અચાનક ફરી શરૂ કરવા અથવા સત્ર લંબાવવાની અટકળોને વેગ મળે છે, જે કાયદા ઘડનારાઓ માટે પ્રમાણભૂત સૂચના સમયગાળાને બાયપાસ કરે છે.

ખડગેએ ઉપરથી નીચે સુધી નિર્ણય લેવાની પદ્ધતિ પર ભાર મૂકવા માટે સંદેશાવ્યવહારની સમયરેખાનો ઉલ્લેખ કર્યો.તેમણે નોંધ્યું હતું કે સરકારે



અગાઉ એપ્રિલમાં ટૂંકી સૂચના પર સર્વસંમતિ વિના સીમાંકન બંધારણીય સુધારા બિલ રજૂ કર્યું હતું, જે લોકસભામાં જરૂરી બે તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયા બાદ ૧૭ એપ્રિલે સંસદમાં પરાજિત થયું હતું. ''તમને યાદ હશે કે મેં તમને સૌપ્રથમ ૧૧ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ પત્ર લખીને સીમાંકન પર કોઈપણ બંધારણીય સુધારા બિલ લાવતા પહેલા સર્વપક્ષીય બેઠક બોલાવવા કહ્યું હતું. તમે તેમ કર્યું ન હતું. ત્યારબાદ, તમે ૧૪ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ મોડી સાંજે બિલોને જાહેર કર્યા અને ૧૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ એક ખાસ સત્ર બોલાવ્યું. સીમાંકન પર બંધારણીય સુધારા બિલ ૧૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ લોકસભામાં જરૂરી બે તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયું, નિર્ણાયક માર્જિનથી,'' ખડગેએ કહ્યું.

વિપક્ષના સતત પ્રયાસો તરફ ઈશારો કરતા ખડગેએ કહ્યું કે કોંગ્રેસ નેતૃત્વ વારંવાર આંતર-પક્ષીય પરામર્શની માંગ કરી રહ્યું છે. તેમણે નોંધ્યું કે તાજેતરનો પત્ર નવો કાયદો લાવતા પહેલા કારોબારીને માળખાગત પરામર્શ તરફ ધકેલવાનો તેમનો ચોથો ઔપચારિક પ્રયાસ છે.

''ત્યારબાદ, ૧૬ જુલાઈ, ૨૦૨૬ અને ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, મેં તમને ફરીથી પત્ર લખીને સર્વપક્ષીય બેઠક માટે અમારી વિનંતીનું પુનરાવર્તન કર્યું. હવે હું ચોથી વખત આમ કરી રહ્યો છું,'' તેમણે કહ્યું.ખડગેએ સરકારને રાષ્ટ્રીય સીમાંકન જેવા મોટા બંધારણીય સુધારાઓ પર એકપક્ષીય અભિગમ અપનાવવા સામે ચેતવણી આપી, જે સંસદીય મતવિસ્તારની સીમાઓ અને પ્રાદેશિક પ્રતિનિધિત્વને સીધી અસર કરે છે. તેમણે સરકારને વિનંતી કરી કે તેઓ રાજકીય પક્ષો અને મુખ્ય હિસ્સેદારોને ફરીથી કાયદાકીય ગતિરોધનું જોખમ લેવાને બદલે સંપૂર્ણ વિચાર-વિમર્શ માટે પૂરતો સમય આપે.

''કૃપા કરીને સંસદમાં વિચારણા માટે તમારા નવા પ્રસ્તાવોને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તે પહેલાં તેના પર વિગતવાર ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવો. બધા રાજકીય પક્ષોને એકબીજા સાથે અને અન્ય તમામ હિસ્સેદારો સાથે ચર્ચા કરવા માટે પૂરતો સમય મળવો જોઈએ. કૃપા કરીને ફરી એકવાર સંસદ દ્વારા દૂરગામી બંધારણીય સુધારા બિલને આગળ ધપાવવાનો પ્રયાસ ન કરો જેમ તમે પહેલા પ્રયાસ કર્યો હતો અને તેનું ભાગ્ય યોગ્ય રહ્યું હતું,'' તેમણે ઉમેર્યું.

અલગ અલગ ઘટનાઓમાં વધુ પાંચ લોકોએ જીવ ગુમાવ્યાઃ સ્વજનોમાં કારમો આઘાત

છઠ્ઠા માળેથી પટકાતાં વૃધ્ધાનું મોત

ચિત્રકાર મહિલા, ચોત્રીસ વર્ષના યુવાનના હૃદય બંધ પડી જતાં, એક મહિલાનું ઘરે ઢળી પડ્યા બાદ, નિવૃત સફાઇ કામદારનું બેભાન થઇ ગયા બાદ મોત

રાજકોટ, તા.૧૬

આકસ્મિક ઘટનાઓને કારણે અવાર-નવાર અલગ અલગ પરિવારો પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દેતાં હોય છે. આવો જ એક બનાવ સામે આવ્યો હતો જેમાં એક વૃધ્ધા ફ્લેટની ગેલેરીમાં કપડા સુકવ્યા બાદ સાફસફાઇ કરતાં હતાં ત્યારે બેલેન્સ ગુમાવતાં છઠ્ઠા માળેથી પટકાતાં મોત થયું હતું. જ્યારે અન્ય બે ઘટનામાં ચિત્રકાર મહિલા સહિત બે મહિલાના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં. ચિત્રકાર મહિલા માટે દિલની દગાખોરી જીવલેણ બની હતી. ચોથા બનાવમાં નિવૃત સફાઇ કામદાર વૃધ્ધનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. તો પાંચમા બનાવમાં ચોત્રીસ વર્ષના યુવાનનું પણ હૃદય બંધ પડી જવાથી મોત થયું હતું.

વિગતો જોઇએ તો માધાપર ચોકડી પાસે આવેલા એપાર્ટમેન્ટમાં છઠ્ઠા માળની ગેલેરીમાં સાફસફાઇ કરતી વખતે અને કપડા સુકવતી વખતે અકસ્માતે નીચે પટકાતાં ૬૨ વર્ષના કારડીયા રાજપૂત પરિવારના વૃધ્ધાનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વધુ માહિતી અનુસાર માધાપર ચોકડી નજીક સુંદરમ્ સીટી બી-વિંગ જાસ્મીન ફ્લેટ નં. ૬૦૨ ખાતે રહેતાં શાંતાબેન સુરેશભાઇ રાઠોડ નામના બાંસઠ વર્ષના વૃધ્ધા પરમદિવસે સવારે દસેક વાગ્યે ફ્લેટની ગેલેરીમાં કપડા સુકવવા ગયા હતાં. આ વખતે ત્યાં સાફસફાઇ કરતી વખતે બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં ગંભીર ઇજા થઇ હતી.તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

અહિ આજે વહેલી સવારે મૃત્યુ નિપજતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આ બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં ગાંધીગ્રામના પીએસઆઇ એ. બી. ઝાલાએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર શાંતાબેન રાઠોડને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પતિ ખેતી કરી કરી ગુજરાન ચલાવે છે. આ પરિવાર મુળ આણંદપર બાધીનો વતની છે. પરિવારના વડીલ સદસ્યની વિદાયથી સ્વજનોમાં શોક વ્યાપી ગયો હતો.

બીજા બનાવમાં હૃદયના ધબકારા બંધ પડી જવાને કારણે અમીન માર્ગ પર રહેતાં ચિત્રકાર મહિલાનું મૃત્યુ થયું છે. બીજા બનાવમાં કોઠારીયામાં એક



મહિલા ઘરે એકાએક ઢળી પડતાં મૃત્યુ થયું હતું.અમીન માર્ગ પર બસંત બહાર એપાર્ટમેન્ટ બી-૬ ખાતે રહેતાં ખ્યાતિબેન ઉદયભાઇ ત્રિવેદી નામના ચોપન વર્ષના મીહલા રાતે સાડા અગીયારેક વાગ્યે ઘરે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. ખ્યાતિબેન પોતે ચિત્રકાર હતાં અને તેમના પતિ ઉદયભાઇ ત્રિવેદી પણ આર્ટ શિક્ષક છે. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયાનું તેમના સ્વજને જણાવ્યું હતું.

જ્યારે ત્રીજા બનાવમાં કોઠારીયામાં પ્રમુખરાજ એપાર્ટમેન્ટ ફલેટ નં. ૩૦૩ ખાતે રહેતાં અડતાલીસ વર્ષના સરસ્વતિબેન જીતુભાઇ જીલકા ઘરે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. સરસ્વતિબેનના પતિ જીતુભાઇ ફેબ્રીકેશનનું કામ કરે છે. સંતાનમાં એક દિકરો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ચોથા બનાવમાં સદર બજાર ઠક્કરબાપા હરિજનવાસ-૩માં રહેતાં બાબુભાઇ જેરામભાઇ બેરડીયા નામના ચોસઠ વર્ષિય મ્યુ. કોર્પોરેશનના નિવૃત સફાઇ કામદાર વહેલી સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. કેટલાક સમયથી તેઓ બિહાર હતાં. સવારે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. પ્ર.નગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

પાંચમા બનાવમા લોધીકાના રાવકીમાં રહેતો અને ફેક્ટરીમાં કામ કરતો ચોત્રીસ વર્ષનો યુવાન ગઇકાલે ફેક્ટરીમાં રજા હોઇ રૂમ ખાતે હતો ત્યારે બેભાન થઇ ઢળી પડતાં સારવાર રમાટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. રાવકીમાં માખાવડ નજીક શ્રીનાથજી ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં કીચનવેર કંપનીમાં કામ કરતો મુળ યુપીનો સિધ્ધનાથ સ્વામીદયાલ ચૌહાણ નામના ચોત્રીસવર્ષના યુવાન ગઇકાલે તેને કામમાં ઓફ હોઇ રૂમ પર હતો ત્યારે અચાનક બેભાન થઇ જતાં તુરત જ શેઠ સહિતના લોકોએ કાર મારફતાં હોસ્પિટલમાં અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે લોધીકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સિધ્ધનાથ કંપનીમાં કામ કરી ગુજરાન ચલાવતો હતો. તેના મૃત્યુથી ત્રણ સંતાને પિતાનું છત્ર ગુમાવ્યું છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. લોધીકા પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ વધુ પાંચ લોકોના અપમૃત્યુ થયા હતાં.

વિરાણી બહેરા-મુંગા શાળા દ્વારા આજે ભવ્ય નવરાત્રી મહોત્સવ

દિવ્યાંગ મુક-બધિર બાળકો માતાજીના નવલા નોરતામાં મનમુકીને ઝૂમશે : એક અનોખી નવરાત્રી અને પ્રેરણાદાયક આયોજન

રાજકોટ, તા.૧૬

આપણી સંસ્કૃતિ અને આસ્થાના મહાપર્વ એવા નવરાત્રી મહોત્સવની ઉજવણીનો એક અનોખો અને હૃદયસ્પર્શી અવસર આવી રહ્યો છે. શ્રી અને શ્રીમતી છ.શા.વિરાણી બહેરા-મુંગા શાળાના દિવ્યાંગ મુક-બધિર બાળકો ભલે સાંભળી કે બોલી શકતા નથી, પરંતુ તેઓની શ્રદ્ધા અને ઉત્સાહ કોઈનાથી કમ નથી. આ દિવ્યાંગ મુક-બધિર બાળકો માતાજીના નવલા નોરતામાં મનમુકીને દાંડિયા -રાસ લઈ શકે અને માતાજીની આરાધના કરી શકે તે હેતુથી ખાસ નવરાત્રી ઉત્સવનું ભવ્ય આયોજન ઢેબરભાઈ રોડ પર, પાણીના ટાંકાની બાજુમાં આવેલી શ્રી અને શ્રીમતી છ.શા.વિરાણી બહેરા-મુંગા શાળા ખાતે કરવામાં આવ્યું છે. આ પાવન અવસરે મહાનુભાવોની ઉપસ્થિતિ સંસ્થા અને આ બાળકો માટે ગૌરવ તેમજ પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે તેવું શાળા સંચાલકોનું માનવું છે.

ભક્તિમય અને ઉત્સાહવર્ધક રાસોત્સવ આજે તા. ૧૭ને શનિવારના રોજ યોજાનાર છે. રાત્રે ૮ વાગ્યે આ પવિત્ર કાર્યક્રમની શરૂઆત થનાર છે. સૌપ્રથમ રાત્રીના ૮ વાગ્યે માતાજીની આરતી કરવામાં આવશે. ત્યારબાદ બાળકો દ્વારા દાંડિયા -રાસની રમઝટ બોલાવવામાં આવશે.

નવરાત્રી મહોત્સવ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ એક ખૂબ જ ઉમદા પ્રયાસ છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દિવ્યાંગ મુક-બધિર બાળકોની અદભુત પ્રતિભા પ્રદર્શિત કરવાનો તેમજ તેમને સમાજ સાથે જોડવાનો છે. આ વિશેષ બાળકોને સમાજના મુખ્ય પ્રવાહ સાથે ભળવાની તક મળે તે માટે આવું આયોજન કરાયું છે. મહાનુભાવોના આશીર્વાદ અને આ કાર્યક્રમમાં તેઓની હાજરી માસૂમ બાળકો માટે એક ખૂબ જ મોટો ઉત્સાહનો સ્ત્રોત બની રહેશે તેવું આયોજકો સૌનું માનવું છે.

માતાજીની આરાધના સાથે આ વિશેષ બાળકોના જીવનમાં ખુશીઓના રંગ પૂરવા આયોજકો દ્વારા સૌને અનુરોધ કરાયો છે. ઉત્સવની વધુ માહિતી માટે સંસ્થાની ઓફિસના નંબર ૯૨૭૪૭ ૭૬૬૦૦ પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

સુંદર, ભક્તિમય અને પ્રેરણાદાયક આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાના હોદ્દેદારો સતત માર્ગદર્શન પૂરી પાડી રહ્યા છે. આ સમગ્ર કાર્યક્રમ પ્રમુખ રજનીભાઈ જી. બાવીશી, માનદમંત્રી ડો. નરેન્દ્રભાઈ જી. દવે અને ટ્રેઝરર પ્રશાંતભાઈ કે. વોરાની આગેવાની અને માર્ગદર્શન હેઠળ યોજાવા જઈ રહ્યો છે.

મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ કરે, ઘનઘોર ઝરે ચહુ ઓર, મારૂ મન મોર બની થનગાટ કરે

અકિલા બેસ્ટ ઓફ બેસ્ટ : દશેરાએ રોમાંચક જંગ

ખેલૈયાઓ માટે જીમખાનામાં જાજરમાન રાસોત્સવ : આકર્ષક ઇનામોની હારમાળા : પ્રેસ ફોટોગ્રાફર ટીમ અશોક બગથરિયાની અથાક જહેમત : લાઇવ પ્રસારણ અકિલા ડોટ કોમ ના ફેસબુક પર તથા ડેન આર.સી.સી. કેબલ નેટવર્ક-રાજકોટ ઉપરથી



રાજકોટ, તા.૧૫

સમગ્ર શહેરમાં રાસ રસિયાઓ માટે નવી ભાત પાડતો અને શ્રેષ્ઠમાંથી સર્વશ્રેષ્ઠ પસંદ કરવા માટેનો પ્રિન્સ, પ્રિન્સેસ બેસ્ટ ઓફ બેસ્ટ અકિલા રાસોત્સવ તા. ૨૦ ઓકટોબર મંગળવારે દશેરાના દિવસે સાંજે ૭ વાગ્યાથી કાઠિયાવાડ જીમખાના મેદાન, આર.કે. સી. કોલેજ સામે, શાષી મેદાન પાસે યોજાનાર છે. તેના માટે રાજકોટ પ્રેસ ફોટોગ્રાફર એન્ડ ઇલેકટ્રોનિક કેમેરામેન એશો.ના પ્રમુખ અકિલાના ફોટોગ્રાફર અશોક બગથરિયા અને તેમના સાથીદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

આ પ્રસંગે પરસોત્તમ રૂપાલા-સાંસદ રાજકોટ, ભાનુબેન બાબરીયા-પૂર્વ મંત્રી ગુજરાત રાજય, ઉદયભાઈ કાનગડ- ધારાસભ્ય રાજકોટ, રમેશભાઈ ટીલાળા- ધારાસભ્ય રાજકોટ, ડો. દર્શીતાબેન શાહ- ધારાસભ્ય રાજકોટ, ડો. નેહલભાઈ શુકલ-મેયર રાજકોટ, ભરતભાઈ બોધરા-પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ, ડો. ઓમપ્રકાશ-કલેકટર રાજકોટ, તુષારભાઈ સુમેરા-કમિશનર-રાજકોટ મ્યુ.કોર્પોરેશન, બ્રજેશકુમાર ઝા-પોલીસ કમિશનર-રાજકોટ શહેર, ચૈતન્ય માંડલીક- જોઈન્ટ પોલીસ કમિશનર-રાજકોટ શહેર, મનોહરસિંહ જાડેજા- એસ.પી. અરવલ્લી જીલ્લા, મૌલેશભાઈ ઉકાણી- બાનલેબ પ્રા. લી. , ડો. હરપાલસીંહ જાડેજા- ડી.સી.પી. ટ્રાફીક બ્રાન્ચ, ડી.સી.પી. ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ શહેર, જગદીશ બાંગરવા- ડી.સી.પી. ક્રાઇમ બ્રાન્ચ રાજકોટ શહેર, રાકેશ દેસાઈ- ડી.સી.પી. ઝોન-૧-રાજકોટ શહેર, હેતલ પટેલ- ડી.સી.પી. ઝોન-૨-રાજકોટ શહેર, નીતીનભાઈ ભારદ્વાજ પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન (ભાજપ અગ્રણી), ભુપતભાઈ બોદર- પૂર્વ રાજકોટ જીલ્લા પંચાયત પ્રમુખ, હસુભાઈ પરસાણા- મીરેકલ બેટરી-રાજકોટ, જીતુભાઈ લીંબાસીયા- ડેવલોપર્સ (ખરેડી વાળા) , પરેશભાઈ પીપળીયા-સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન આર.એમ.સી. ,નરેન્દ્રસિંહ જાડેજા(ટીકુભા)-ડેપ્યુટી મેયર રાજકોટ મનપા, મયુરધ્વજસિંહ જાડેજા-ચેરમેન જે.એમ.જે. ગ્રુપ, રાજદિપસિંહ એમ. જાડેજા(રાજાભાઈ)-રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ, તિર્થરાજસિંહ ગોહીલ-પ્રમુખ રાજપુત કરણી સેના, જે.ડી. ખાવડુ-સરપંચ મેંદરડા ગ્રામ પંચાયત, પ્રફુલભાઈ એચ. નડીયાપરા- અમળતધારા બિલ્ડકોન પ્રા.લી. (કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી) નીતિનભાઈ નથવાણી- સીટી ન્યુઝ ચેનલ-રાજકોટ. ઉપરાંત અતિથિ વિશેષ તરીકે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. ધ્રુવવીર સાગઠીયા, શ્રધ્ધા માડુ, તુષાર ચુડાસમા અને ટીમ બેસ્ટ ઓફ બેસ્ટ-૨૦૨૬ એન્કર દર્ષિતા સોની ધૂમ મચાવશે.

અકિલા ડોટ કોમ ના ફેસબુક પર અને ડેન આર.સી.સી. કેબલ નેટવર્ક-રાજકોટ ઉપરથી થનાર છે. બેસ્ટ ઓફ બેસ્ટ અકિલા રાસોત્સવ સફળ બનાવવા માટે પ્રેસ ફોટોગ્રાફર એશો.ના પ્રમુખ અશોક બગથરિયા તેમજ ધર્મેન્દ્રસિંહ ઝાલા (પિન્ટુભાઈ), પ્રમુખ સહકાર ગ્રુપ, પ્રમુખ હિન્દુસેના, નરેશભાઈ બાંભવા-યુવા ઉદ્યોગપતિ-રાજકોટ, અશોકભાઈ પટેલ (મોટા મોવા) -કાઠીયાવાડી જલસા, વિધ્યરાજસીંહ આર. જાડેજા(વાવડી) - શુભમ એન્ટરપ્રાઇઝ, ભુપતભાઈ બસીયા- - ભાજપ અગ્રણી વોર્ડ નં. ૧૨, જગદીશભાઈ પટેલ - શિવ શકિત ડેરી ફાર્મ મવડી મેઇન રોડ-રાજકોટ, ભગત નિલેશભાઈ ચાવડીયા-ભાજપ અગ્રણી, સુખદેવસિંહ ઝાલા-બલદેવ ગ્રુપ મવડી, મીલનભાઈ કોઠારી-ચેરેમેન સાંસ્કૃતિક સેલ, ભાજપ-રાજકોટ, જયેશભાઈ સોરઠીયા- શૈલેશ ગ્રુપ-મવડી, રાજકોટ, દિનેશભાઈ આર. ચાવડા- બિલ્ડર્સ (મુછડી), આશિષભાઈ વાગડીયા- માજી કોર્પોરેટર, પીયુષ માટીયા- બીલ્ડર, જયભાઈ ખારા-જૈન યુવા અગ્રણી, જીતુભાઈ રાઠોડ-હર્ષ કન્સ્ટ્રકશન, પારસભાઈ સંઘાણી- શેર પોઇન્ટ એમ પાવર, સુરૂભા જાડેજા (રાવકી)-જય ઓટો એડવાઈઝર્સ (આર.ટી.ઓ.) મવડી મેઇન રોડ, જય બોરીયા- રાજકોટ શહેર મંત્રી યુવા ભાજપ, કિશનભાઈ સખીયા - યુવા એડવોકેટ, બાલાભાઈ વાજા-કલાસીક એન્ટરપ્રાઇઝ, સંદીપ બગથરીયા-રાઘે એન્ટરપ્રાઇઝ, યોગેશ બગથરીયા- યુવા અગ્રણી બીલ્ડર, પ્રશાંત ગોંડલીયા- યુવા અગ્રણી, નિરવ વાવેલા- રામનાથ જવેલર્સ, સંદીપ બગથરીયા - અકિલા પ્રેસ ફોટોગ્રાફર, રાજકોટ વિગેરે લાઈવ માટે જહેમત ઉઠાવશે.

કરૂણ ઘટનાઓનો સિલસિલોય યથાવતઃ ચાર પરિવારે સ્વજનો ગુમાવ્યા

અગમ્ય કારણોસર બે યુવતિનો ઝેર પી આપઘાત

અલગ અલગ કિસ્સામાં બંનેએ ઝેર પીધુંઃ બંને ઘટનામાં કારણ અકળઃ એક સુપરવાઇઝર યુવાનનું કપાસની ગાંસડીમાં દબાઇ જતાં મૃત્યુ-બ્રેઇનડેડ જાહેર થતાં પરિવારે કર્યુ છ અંગોનું દાનઃ ચોથી ઘટનામાં વાડીએ ગયેલા ખેડૂત માટે દિલની દગાખોરી બની જીવલેણ

રાજકોટ, તા. ૧૬

અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ આવી પાંચ ઘટનાઓ બની હીત. બે બનાવમાં એક નવોઢાએ અને યુવતિએ ઝેરી દવા પી જીવ આપી દીધા હતાં. નવોઢાના દોઢ વર્ષ પહેલા જ પ્રેમલગ્ન થયા હતાં. તો યુવતિની બે વર્ષ પહેલા સગાઇ થઇ હતી. બંને ઘટનામાં કારણો બહાર આવ્યા નહોતા. ત્રીજા બનાવમાં એક યુવાનનું કપાસની ગાંસડી નીચે દબાઇજવાથી મોત થયું હતું. આ યુવાનના છ અંગોનું પરિવારજનોએ દાન કર્યુ હતું. ચોથા બનાવમાં હૃદય બંધ પડી જતાં એક ખેડૂતનું મૃત્યુ થયું હતું.

વિતગો પર નજર કરીએ તો જામજોધપુરના ધુનડા ગામે રહેતી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. દોઢ વર્ષ પહેલા જ તેણીએ પ્રેમલગ્ન કર્યા હતાં. સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડી દેતાં જામજોધપુર પોલીસે રાજકોટ પહોંચી કાર્યવાહી કરી હતી. જામજોધપુરના ધુનડા ગામે રહેતી વીસ વર્ષની પાયલબેન ધાર્મિકભાઇ તરૈયા નામની પરિણીતાએ છવ્વીસમી તારીખના રોજ ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

અહિ આજે મૃત્યુ થતાં હોસ્પિટલ મારફત જાણ થતાં જામજોધપુર પોલીસે રાજકોટ આવી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ પાયલબેને દોઢ વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી. નવોઢાએ કયા કારણોસર ઝેર પીવા મજબૂર થવું પડ્યું? તેની તપાસ હવે પછી પોલીસ કરશે.

બીજી ઘટના જોઇએ તો વેરાવળ સોમનાથના રામપરા ગીરમાં રહેતી અઢાર વર્ષની યુવતિએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. રામપરામાં રહેતી આરતીબેન માનસિંગભાઇ મેર નામની અઢાર વર્ષની યુવતિએ દસમી ઓક્ટોબરના રોજ બપોરે બે વાગ્યા આસપાસ ઘરે હતી ત્યારે ઝેર પી લેતાં વેરાવળ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ આજે સવારે તેણીનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે



પ્રભાસપાટણ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરી લેનાર આરતીબેન બે બહેન અને એક ભાઇમાં મોટી હતી.

તેણીની સગાઇ બે વર્ષ પહેલા સુત્રાપાડાના યુવાન સાથે થઇ હતી. પિતા છુટક મજૂરી કરે છે. આરતીબેને આ પગલુ શા માટે ભર્યું? તેનાથી પરિવારજનો પણ અજાણ હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે. યુવાન દિકરાના મોતથી મેર-કોળી પરિવારમાં શોક છવાઇ વ્યપી ગયો હતો. અંતિમવિધી બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં શહેરના રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ ૫ રહેતાં મુળ કચ્છના ૨૩ વર્ષના સુપરવાઇઝર યુવાનનું ગોંડલના મોટા દડવા ગામે જીનીંગ મીલમાં કપાઇની ગાડી ઉતારતી વખતે કપાસની ગાંસડી નીચે દબાઇ જતાં તેને બેભાન હાલતમાં રાજકોટ સારવાર માટે દાખલ કરાયા હતાં. પરંતુ તેને અહિ તબિબોએ બ્રેઇનડેડ જાહેર કરતાં પરિવારજનોએ દિકરાના છ અંગોનું દાનખ કરવાનો નિર્ણય કરી અંગદાન કરી સ્તુતય કાર્ય કર્યુ હતું. રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ પર રહેતો રાજભાઇ મહેશભાઇ ઢાલ નામના ત્રેવીસ વર્ષના યુવાન દસમી ઓક્ટોબરના રોજ ગોંડલના મોટા દડવા ગામે કપાસની ગાડી ઉતારવા ગયો હતો. અહિ તે ગાંસડીઓ ઉતારી રહ્યો હતો તે વખતે માથે ગાંસડી આવી જતાં દબાઇ જતાં બેભાન જેવો થઇગયો હતો. તેને સારવાર માટે ગોંડલ અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ સારવાર દરમિયાન તેને તબિબોએ બ્રેઇનડેડ જાહેર કર્યો હતો. બાદમાં પિતા મહેશભાઇ, માતા કસ્તુરીબેન, ભાઇ યશ સહિતે રાજના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો હતો.

આ યુવાન બે ભાઇમાં નાનો હતો. મોટા દડવા ગામે અવધ એગ્રી એક્સપોર્ટ નામની કંપનીમાં આ બનાવ બન્યાનું પોલીસે જણાવ્યું હતું. યુવાન અહિ સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતો હતો. બનાવ અંગે આટકોટ પોલીસ મથકના હેડકોન્સ. દશરથભાઇએ પ્રાથમિક કાર્યવાહી કરી હતી. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ દુ:ખની પળો વચ્ચે પણ પરિવારે દિકરાના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો હતો અને સિનર્જી હોસ્પિટલ ખાતે રાજના છઅંગોનું દાન કરાયું હતું. મૃત્યુ પામનાર યુવાન મુળ કચ્છના દુર્ગાપુરના રણુજાનગરનો વતની હતો. હાલ રાજકોટ રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ પર પરિવાર સાથે રહેતો હતો. ઢાલ પરિવારના નિર્ણયને તબિબો સહિતના હોસ્પિટલના સ્ટાફે પ્રેરણાદાયી ગણાવ્યો હતો.

ચોથા બનાવમાં દિલની દગાખોરી વધુ એક પરિવારના મોભીને છીનવી ગઇ હતી. મવડી ગામ આરોગ્ય કેન્દ્ર સામે રહેતાં પ્રૌઢ મવડી પાળ રોડ પર વગડ ચોકડીએ વાડીએ હતાં ત્યારે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મવડીમાં આરોગ્ય કેન્દ્ર સામે રહેતાં એકાવન વર્ષના સુરેશભાઇ વશરામભાઇ સોરઠીયા સાંજે સાડા સાતેક વાગ્યે પાળ રોડ પર વગડ ચોકડી નજીક આવેલી પોતાની વાડીએ હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં સગા હાજર હોઇ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાત્રીના અંતિમ શ્વાસ લઇ લીધા હતાં.

બનાવની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ ડી. સી. જોષીએ જરૂરી કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. હૃદય રોગનો હુમલો આવીગયાનું ખુલ્યું હતું. મૃત્યુ પામનાર ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક દિકરો છે. પોતે સાંજે વાડીએથી ઘરે ન આવતાં પરિવારજનો ફોન જોડતાં હોઇ તે પણ રીસીવ ન થતાં તપાસ કરવા વાડીએ પહોંચતા ત્યાં સુરેશભાઇ બેભાન જેવા જોવા મળતાં સારવારમાં ખસેડ્યા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. આમ ચાર ઘટનાઓમાં પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગનો સપાટો

ભેળસેળયુક્ત ઘી, પનીર-આઈસ્ક્રીમના ૫ સેમ્પલ ફેલ

૩૩ કિલો અખાદ્ય ખોરાકનો નાશ : તહેવારો ટાણે જનઆરોગ્ય સાથે ચેડાં કરતી ૭૮ પેઢીઓ પર દરોડા

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા તહેવારો પૂર્વે જનઆરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલા સઘન સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ભેળસેળિયા વેપારીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મનપાના આરોગ્ય શાખા દ્વારા લેવામાં આવેલા ખાદ્યપદાર્થોના પૃથ્થકરણ રિપોર્ટમાં ઘી, પનીર અને આઈસ્ક્રીમના કુલ ૫ સેમ્પલ 'સબસ્ટાન્ડર્ડ' એટલે કે સરેઆમ ફેઈલ જાહેર થયા છે, જે તમામ સામે ફૂડ વિભાગ દ્વારા એજ્યુડિકેશન કેસ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

લેબોરેટરી તપાસ દરમિયાન ખુલેલી વિગતો મુજબ, જામનગર રોડ પર બજરંગવાડી ચોક સ્થિત 'શ્રી અમ્રુત ડેરીફાર્મ આઇસ્ક્રીમ'માંથી લેવાયેલા પનીર (લુઝ)ના નમૂનામાં મિલ્ક ફેટનું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાની સાથે ફોરેન ફેટ એટલે કે વેજીટેબલ ફેટની હાજરી મળી આવી હતી. કાલાવડ રોડ પર કોટેચા ચોક પાસે આવેલા 'જય ધારેશ્વર ડેરીફાર્મ'માંથી લેવાયેલા પનીર (લુઝ)માં પણ મિલ્ક ફેટ ઓછું નીકળ્યું હતું. આ ઉપરાંત મવડી મેઈન રોડ પર સ્થિત 'જલારામ ઘી ડેપો'માંથી લેવાયેલા ''NAMEET'' COW'S PURE GHEE (૫૦૦ ળહ ધફી) માં વેજીટેબલ ફેટની હાજરી ખુલ્લી પડી હતી. જ્યારે આજીડેમ ચોકડી પાસે આવેલ 'કનૈયા ડેરીફાર્મ'માંથી મેળવેલા શુદ્ધ ઘી (લૂઝ)ના નમૂનામાં તો વેજીટેબલ ફેટની સાથે તલના તેલની ભેળસેળ સામે આવી હતી. આ સિવાય મવડી સ્થિત 'શ્રી બાલાજી કોઠી આઇસ્ક્રીમ'માંથી લેવાયેલા શ્રધ્ધા કોઠી



આઇસ્ક્રીમ (મેંગો)ના સેમ્પલમાં ટોટલ સોલિડ્સ અને મિલ્ક ફેટનું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું આવતાં તેને પણ ફેલ જાહેર કરાયો હતો.

સાથોસાથ આરોગ્ય શાખાની ટીમે શહેરની કુલ ૭૮ ખાણી-પીણીની પેઢીઓમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરીને ૩૩ કિલો જેટલો અખાદ્ય, વાસી તથા એક્સપાયર્ડ જથ્થો જપ્ત કરી તેનો સ્થળ પર જ નાશ કરાવ્યો હતો. જેમાં રૈયા રોડ પર આવેલ 'દાસ ડિપાર્ટમેન્ટ સ્ટોર'માંથી એક્સપાયરી ડેટ વીતી ચૂકેલા ફરસાણ, ચિયા સીડ્સ અને મીઠાઈનો ૧૬ કિલો જથ્થો ફેંકી દેવાયો હતો. તેમજ રામકૃષ્ણનગર મેઈન રોડ પર આવેલ 'પ્રભાવી એન્ટરપ્રાઇઝ (જાની લોચો એન્ડ ખમણ હાઉસ)'માંથી ફૂગવાળી ઢુંગળી, ફ્રિજમાં રખાયેલા વાસી સમોસા અને ખમણ મળીને ૧૭ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરી પેઢીને નોટિસ અપાઈ હતી. આ ઉપરાંત કાલાવડ રોડ સ્થિત 'GJ ૫ સેન્ડવીચ એન્ડ પીઝા'ને હાઈજીનિક કન્ડિશન, સ્ટોરેજ અને લાઈસન્સ બાબતે નોટિસ ફટકારી રૂ. ૫,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલાયો હતો અને જ્યોતિનગરમાં આવેલ 'નેશનલ ચાઈનીઝ એન્ડ પંજાબી રેસ્ટોરન્ટ'ને સ્ટોરેજ વ્યવસ્થા જાળવવા સૂચના અપાઈ હતી.

આગામી તહેવારોને અનુલક્ષીને નાગરિકોને શુદ્ધ આહાર મળી રહે તે હેતુથી ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શહેરની વિવિધ જાણીતી સ્વીટ્સ અને નમકીનની દુકાનોમાંથી મીઠાઈ તથા ફરસાણના કુલ ૪૯ જેટલા શંકાસ્પદ નમૂનાઓ લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. મનપાના ફૂડ વિભાગની આ આક્રમક કામગીરીથી ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

બજરંગ દળના રાષ્ટ્રીય સંયોજક કિશનજી પ્રજાપતની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે કાર્યક્રમ : ભવ્ય આતશબાજીનું પણ આયોજન

વિજયા દશમીએ રાવણ દહન



રાજકોટ, તા. ૧૬

આસુરી શક્તિનો નાશ અને સત્ય તથા ધર્મનો વિજય એટલે વિજયાદશમી. નવરાત્રીના અનુષ્ઠાન અને આરાધનાના નવ દિવસો બાદ આસો મહિનાના શુક્લ પક્ષની દશમે સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ સાથે દશેરાની ઉજવણી કરવામાં આવે છે. ત્રેતાયુગમાં આ જ પવિત્ર દિવસે ભગવાન રામે અધર્મ અને આસુરી શક્તિના પ્રતીક સમાન રાવણનો પરાજય કરીને સત્ય અને ધર્મની પુનઃ સ્થાપના કરી હતી. રામાયણની આ ઐતિહાસિક ઘટનાએ યુગો-યુગથી કરોડો શ્રદ્ધાળુઓના હૃદયમાં એ વિશ્વાસ અખંડ રાખ્યો છે કે નકારાત્મક કે આસુરી શક્તિ ગમે તેટલી પ્રબળ હોય, પરંતુ અંતે વિજય તો સત્યનો જ થાય છે. આ પવિત્ર વિશ્વાસ લોકોને સત્ય, સન્માર્ગ અને સકારાત્મક કર્મ કરવાની અવિરત પ્રેરણા આપે છે.

હાલ પરાવર્તનાચાર્ય અશોકજી સિંઘલનું જન્મ શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે, ત્યારે તેમના ધર્માંતરણ અટકાવવાના અને સનાતન જાગરણના અથાક પ્રયાસોને યાદ કરવા સ્વાભાવિક બની જાય છે. આ વર્ષે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત દશેરા મહોત્સવ સમિતિ દ્વારા રાજકોટમાં યોજાનાર દશેરા મહોત્સવની થીમ 'ધર્માંતરણ મુક્ત સમાજ' નક્કી કરવામાં આવી છે. આ નિમિત્તે યોજાનાર ભવ્ય રાક્ષસ દહન કાર્યક્રમમાં બજરંગ દળના કેન્દ્રીય પ્રમુખ અને રાષ્ટ્રીય સંયોજક તેમજ ટ્ઠઁ કેન્દ્રીય મંત્રીમંડળના સભ્ય કિશનજી પ્રજાપત વિશેષ ઉપસ્થિત રહેશે. અનેક વર્ષોથી પૂર્ણકાલીન કાર્યકર્તા તરીકે સેવા આપતા અને દેશના યુવાનો માટે પ્રેરણાસ્રોત બનેલા નિડર વક્તા કિશનજી પ્રજાપત રાજકોટવાસીઓને ધર્માંતરણ મુક્ત સમાજના નિર્માણ માટે માર્ગદર્શન અને પ્રેરણાદાયી સંદેશ આપશે.

દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ રાજકોટના આંગણે આગામી તારીખ ૨૦/૧૦/૨૦૨૬, મંગળવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે વિજયાદશમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. સૂર્યાસ્તના સમયે યોજાનાર આ કાર્યક્રમમાં ધર્માંતરણરૂપી રાક્ષસ દહનની સાથે રાવણ, મેઘનાદ અને કુંભકર્ણના કાયાકોર પૂતળાંઓનું દહન કરવામાં આવશે. આ ઉપરાંત શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્ર પૂજન અને આકાશી આતશબાજી (ફાયર ક્રેકર્સ શો) નું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

દિવાળી પછી બાકીદારો પર મનપાની સ્ટ્રાઈક

નળ કનેક્શન કાપી મિલકતો કરાશે સીલ : ટેબલ પર આવશે વોર્ડવાઈઝ યાદી, સ્પેશિયલ ટીમોનું ગઠન

રાજકોટ, તા. ૧૬

મનપાના કરોડો રૂપિયાના વેરાના નાણાં દબાવીને બેઠેલા મોટા ડિફોલ્ટરો માટે દિવાળી તહેવાર પછીનો સમય ભારે આકરો સાબિત થવા જઈ રહ્યો છે. મનપાના ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ૫૦ હજારથી વધુનો મિલકત વેરો બાકી રાખનારા આસામીઓ સામે કડક ઝુંબેશ ચલાવવા અત્યારથી જ વોર્ડવાઈઝ યાદીઓ તૈયાર કરી લેવામાં આવી છે. દિવાળીના ઉત્સવો પૂર્ણ થતાં જ આવા રીઢા બાકીદારોના પાણીના જોડાણ કાપવા તેમજ મિલકતોને તાળાં મારી સીલ કરવાની સર્વગ્રાહી કામગીરી હાથ ધરવા મનપાએ કમર કસી છે.

મનપાના ઉચ્ચ વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ, તાજેતરમાં મ્યુનિસિપલ કમિશનરે યોજેલી સમીક્ષા બેઠકમાં સ્પષ્ટ સૂચના આપી દીધી છે કે દિવાળી પહેલા તમામ મોટા બાકીદારોનો સંપૂર્ણ ડેટા તેમના ટેબલ પર રજૂ કરી દેવામાં આવે. આ કડક આદેશને પગલે ટેક્સ ઈન્સ્પેક્ટરો અને અધિકારીઓની વિશેષ ટુકડીઓ ટૂંક સમયમાં જ એક્શન મોડમાં આવશે. આ ટીમો બાકીદારોના ઘરે કે વ્યાપારી એકમો પર પહોંચીને નળ જોડાણ



કાપવાથી લઈને મિલકત જપ્તી સુધીની કડક કાર્યવાહી કરશે.

વૈશ્વિક સ્તરે ચાલતા તણાવ અને યુદ્ધની સ્થિતિને કારણે ઉદ્ભવેલી આર્થિક મંદીની અસર હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની તિજોરી પર પણ સ્પષ્ટ દેખાઈ રહી છે. ખાડી દેશોની અસ્થિરતાના પગલે મનપાની આવકના સ્ત્રોતો પર નકારાત્મક અસર પડી છે. બીજી તરફ ડામર, પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ અને અન્ય નિર્માણ સામગ્રીના ભાવો અતિશય વધી જતાં મનપાના વિવિધ વિકાસ કામોનો ખર્ચ ખૂબ વધી ગયો છે. આવી પરિસ્થિતિમાં નાણાકીય સમતુલા જાળવવી તંત્ર માટે મુશ્કેલ બની રહી હોવાથી, શહેરી વિકાસના પ્રકલ્પો અટકે નહીં તે હેતુથી મનપા દ્વારા આ વખતે સમયસર અને આક્રમક રીતે રિકવરી ડ્રાઈવ ચલાવવાનું પહેલેથી જ પક્કા પાયે આયોજન કરી લેવાયું છે.

વેરા વસૂલાતની કામગીરીને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે એક વિશિષ્ટ 'રિકવરી સેલ'ની પણ રચના કરવામાં આવી છે, જેના સત્તાવાર આદેશો પણ ઝડપથી જાહેર કરી દેવાશે. આ સેલ અંતર્ગત તમામ ઝોન પ્રમાણે અલગ-અલગ ટીમ બનશે, જેમાં ટેક્સ વિભાગ સિવાયની અન્ય શાખાના કર્મચારીઓને પણ સામેલ કરાશે. આ ટીમો આસિસ્ટન્ટ મેનેજરની સીધી દેખરેખ હેઠળ કામ કરશે, જ્યારે સમગ્ર રિકવરી સેલનું નેતૃત્વ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સંભાળશે.

મનપા તંત્રના નિશાના પર ખાસ કરીને એવી મિલકતો રહેશે જે વર્ષોથી સીલ મારેલી પડી છે છતાં તેના માલિકો વેરો ભરપાઈ કરવા આગળ નથી આવ્યા. વારંવારની આકરી નોટિસો છતાં જેમના પેટનું પાણી નથી હલતું તેવા આસામીઓની સીલ કરેલી મિલકતોની હરાજી કરીને મનપા પોતાના લેણાં નાણાં વસૂલ કરશે. આ સિવાય જે બિલ્ડરો કે ડેવલપર્સે મકાનો કે ઓફિસો બનાવીને કમ્પ્લિશન સર્ટિફિકેટ (CC) અને ઈગઝ મેળવી લીધા છે તથા વેરા આકારણી પણ થઈ ગઈ છે, પરંતુ એકમો ખાલી પડ્યા હોવાના નામે વેરો નથી ભરાતો, તેવી બિલ્ડરોની તમામ મિલકતો સામે સૌથી પહેલા સપાટો બોલાવવામાં આવશે.

તહેવારોની સિઝનમાં 'રિઅલ એસ્ટેટ' ધમધમ્યું

રાજકોટમાં દસ્તાવેજ નોંધણી માટે અનહદ ધસારો, તમામ ૧૮ સબ-રજિસ્ટ્રાર કચેરીઓનો સમય લંબાવવા તંત્રની દોડધામ

રાજકોટ, તા. ૧૬

નવરાત્રીના પાવન પર્વના પ્રારંભ સાથે જ રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લામાં મિલકત ખરીદ-વેચાણ અને દસ્તાવેજ નોંધણી ક્ષેત્રે જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. શુભ મુહૂર્તમાં નવી મિલકતનું રજિસ્ટ્રેશન કરાવવા માટે અરજદારો અને બિલ્ડરોનો સબ-રજિસ્ટ્રાર કચેરીઓમાં અવિરત ધસારો શરૂ થઈ ચૂક્યો છે. ખાસ કરીને શહેરના ઝોન-૭ અને ઝોન-૮ ની કચેરીઓમાં દસ્તાવેજ રજિસ્ટ્રેશન માટેનું વેટિંગ લિસ્ટ અત્યંત લાંબુલચક થઈ જતાં અરજદારોને મુશ્કેલી ન પડે તે માટે તંત્રને તાત્કાલિક ધોરણે રજિસ્ટ્રેશનના દૈનિક સ્લોટ વધારવાની ફરજ પડી છે.

સામાન્ય રીતે દશેરાથી લઈને દિવાળી સુધીના તહેવારો દરમિયાન નવી મિલકત, જમીન કે મકાનની ખરીદી અને તેની નોંધણીની કામગીરી ચરમસીમાએ પહોંચતી હોય છે. આ જ ગણતરીએ આગામી દિવસોમાં



રજિસ્ટ્રેશન માટે વધુ નાગરિકો ઉમટી પડવાની પૂરેપૂરી શક્યતા છે. આ સંભવિત ધસારાને પહોંચી વળવા અને અરજદારોને કલાકો સુધી લાઈનોમાં ઉભા રહેવું ન પડે કે લાંબી રાહ જોવી ન પડે તે માટે સબ-રજિસ્ટ્રાર વિભાગ દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરી દેવામાં આવ્યું છે.

તહેવારી સિઝનમાં કામગીરીને વધુ ઝડપી અને સુચારુ બનાવવાના હેતુથી કચેરીના કામકાજના કલાકો લંબાવવા માટેની ગતિવિધિઓ પણ તેજ કરી દેવાઈ છે. સબ-રજિસ્ટ્રાર કચેરીઓનો સમય સવારે વહેલો શરૂ કરી સાંજે મોડે સુધી ચાલુ રાખવા માટે રાજકોટ જિલ્લા તંત્ર દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સત્તાવાર દરખાસ્ત મોકલી આપવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર તરફથી લીલી ઝંડી મળતાની સાથે જ આગામી એક-બે દિવસમાં રાજકોટ શહેર અને જિલ્લાની તમામ ૧૮ સબ-રજિસ્ટ્રાર કચેરીઓના નવા સમયગાળા અંગેની જાહેરાત કરી દેવામાં આવશે, જેથી નાગરિકો તહેવારો દરમિયાન પણ કોઈ પણ જાતની હાલાકી વગર પોતાના મિલકત દસ્તાવેજોનું સરળતાથી રજિસ્ટ્રેશન કરાવી શકશે.

રાજકોટ સિંચાઈ વર્તુળના પૂર એકમ દ્વારા જળાશયોની પાણીની સ્થિતિ દર્શાવતો અહેવાલ

જિલ્લાના ૨૭ ડેમોમાં ૩૭.૭૬ ટકા પાણીનો જથ્થો

ભાદર-૧માં ૧૮.૫૬% અને આજી-૧માં ૫૧.૭૦% સ્ટોક, મોરબી ૬૬% સાથે મોખરે તો દ્વારકા ૦.૯૬%એ તળિયાઝાટક!



રાજકોટ, તા. ૧૬

રાજકોટ સિંચાઈ વર્તુળના પૂર એકમ દ્વારા ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ હસ્તકના તમામ જળાશયોની પાણીની સ્થિતિ દર્શાવતો સત્તાવાર અહેવાલ જારી કરવામાં આવ્યો છે, જેમાં સમગ્ર પ્રદેશના જળ-ચિત્રની ચિંતાજનક અને રાહતરૂપ બંને તસવીરો સામે આવી છે. સૌરાષ્ટ્રના હૃદયસમા રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, જિલ્લાના ૨૭ જળાશયોની કુલ ૨૧,૬૨૭ મિલિયન ક્યુબિક ફૂટ સંગ્રહ ક્ષમતા સામે હાલ ૮,૧૬૬ Mcft ગ્રોસ જથ્થો ઉપલબ્ધ છે, જે સમગ્ર જિલ્લા સરેરાશ ૩૭.૭૬% પાણીનો જથ્થો દર્શાવે છે. રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે જીવાદોરી સમાન જળાશયોની સ્થિતિ પર નજર કરીએ તો, ભાદર-૧ ડેમ તેની ૩૫.૪૩ ફૂટની કુલ ઊંડાઈ સામે હાલ ૧૬.૪૦ ફૂટ ભરાયેલો છે અને તેમાં ૧,૨૩૩ Mcft એટલે કે ૧૮.૫૬% પાણી સંગ્રહિત છે. જ્યારે શહેરને પાણી પૂરું પાડતા આજી-૧ ડેમમાં ૨૧.૩૦ ફૂટ જળસ્તર સાથે ૫૧.૭૦% (૪૮૨ Mcft) અને ન્યારી-૧ ડેમમાં ૧૬.૧૦ ફૂટ જળસ્તર સાથે ૪૨.૦૯% (૫૨૫ Mcft) પાણીનો ઉપલબ્ધ જથ્થો નોંધાયો છે. રાજકોટ જિલ્લાના અન્ય મહત્વના ડેમોમાં આજી-૨ ૨૮.૮૦ ફૂટે પહોંચીને ૯૧.૨૪% (૭૧૨ Mcft), ન્યારી-૨ ૧૯.૮૦ ફૂટે પહોંચીને ૯૧.૭૪% (૩૯૭ Mcft), લાલપરી ડેમ ૧૪.૯૦ ફૂટ સાથે ૯૯.૦૫% (૧૭૯ Mcft) અને ભાદર-૨ ડેમ ૨૧.૭૦ ફૂટ જળસ્તર સાથે ૮૧.૯૪% (૧,૪૧૮ Mcft) ક્ષમતાએ ભરાઈ ચૂક્યા છે, જે સ્થાનિક સ્તરે મોટી રાહત સમાન છે.

સિંચાઈ વર્તુળ હેઠળ આવતા અન્ય જિલ્લાઓની સરખામણી કરવામાં આવે તો મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લા પાણીની ઉપલબ્ધતામાં સૌથી મજબૂત સ્થિતિમાં છે. મોરબી જિલ્લાના ૧૦ જળાશયોમાં ૧૦,૯૧૨ Mcft ક્ષમતા સામે ૭,૨૦૧ Mcft એટલે કે ૬૫.૯૯% જેટલો મજબૂત જળજથ્થો છે, જેમાં મચ્છુ-૩ ડેમ ૧૦૦% (૨૮૨ Mcft), બ્રાહ્મણી ડેમ ૯૨.૨૭% (૧,૯૦૧ Mcft), મચ્છુ-૨ ડેમ ૮૫.૧૨% (૨,૬૪૩ Mcft) અને મચ્છુ-૧ ડેમ ૫૯.૪૦% (૧,૪૪૬ Mcft) ભરાયેલા છે. તેવી જ રીતે સુરેન્દ્રનગર જિલ્લાના ૧૧ જળાશયોમાં પણ ૩,૮૪૪ Mcft ની ક્ષમતા સામે ૨,૫૦૨ ખભરાંસાથે ૬૫.૦૮% જળસંચય થયેલો છે, જેમાં વાસલ ડેમ ૯૭.૦૮% અને વઢવાણ ભોગાવો-૧ ૮૦.૧૭% ક્ષમતાએ પહોંચ્યા છે.

બીજી તરફ, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જળસંકટ ઘેરૂં બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. જામનગર જિલ્લાના ૨૧ જળાશયોની ૧૦,૩૪૦ Mcft ક્ષમતા સામે માત્ર ૯૫૩ Mcft એટલે કે માંડ ૯.૨૨% જ પાણી બચ્યું છે, જેમાં ફૂલઝર-૨, વાડીસંગ અને રૂપાવટી જેવા ડેમો સંપૂર્ણ શુષ્ક થઈ ગયા છે. સૌથી વિકટ પરિસ્થિતિ દેવભૂમિ દ્વારકા જિલ્લાની છે, જ્યાં ૧૨ જળાશયોની ૫,૧૧૫ Mcft ક્ષમતા સામે માત્ર ૪૯ Mcft એટલે કે નામના ૦.૯૬% જળસંચય સાથે સાની અને સીંધણી સહિતના મોટાભાગના ડેમો તળિયાઝાટક થઈ ચૂક્યા છે. આ ઉપરાંત પોરબંદર જિલ્લાનો સોરઠી ડેમ પણ સંપૂર્ણ કોરોધાકોર નોંધાયો છે. આમ, પૂર એકમના આંકડા સ્પષ્ટ કરે છે કે રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગરમાં પીવાના અને ખેતીના પાણીની સ્થિતિ સાનુકૂળ છે, જ્યારે દ્વારકા અને જામનગર પંથકમાં જળસંચય અત્યંત ચિંતાજનક સ્તરે પહોંચી ગયો છે.

ત્રેવડ વગર રણમેદાનમાં!

વિપક્ષ માટે અનુકુળ માહોલ, પણ દમ વગરની રણનીતિ



ગુજરાતના રાજકારણમાં આજે વિપક્ષ માટે સત્તાધારી પક્ષ સામે અવાજ ઉઠાવવા માટે સાનુકૂળ માહોલ છે. વધતી મોંઘવારી, બેરોજગારી અને સુરક્ષા જેવા અનેક રિયલ મુદ્દાઓ ચર્ચાઈ રહ્યા છે. તાજેતરમાં રાજકોટમાં ક્રાઈમ રેટ વધતાં અને હત્યા તથા લૂંટના બનાવો સામે આવતાં 'આમ આદમી પાર્ટી'ના પ્રદેશ સંગઠન મંત્રી સહિતના આગેવાનો દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મુદ્દે રાજકોટ પોલીસ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. બાદમાં પ્રેસ સામે નિવેદનો આપીને કાર્યક્રમ પૂરો કર્યો. આવા દમ વગરના કાર્યક્રમો કોંગ્રેસ દ્વારા ૩૦ વર્ષથી ચાલે છે, જેની કોઇ અસર દેખાતી નથી. ચૂંટણીમાં પરાજિત થાય એટલે ઇવીએમ પર ઠીકરું ફોડી દે છે.

ત્રેવડ વગરનો વિરોધ ચાલી રહ્યો છે. કોંગ્રેસ બાદ આપ પણ આવા રવાડે જ ચઢી છે.રાજકોટ જેવા મહત્વના શહેરમાં વિપક્ષ પાસે જનતાના પ્રશ્નો ઉઠાવવાની મોટી તક છે, પરંતુ માત્ર આવેદનપત્રો કે નિવેદનો આપવા પૂરતો વિરોધ સીમિત રાખવાથી કોઈ મોટો ઉકેલ આવતો નથી. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી વિપક્ષ ચૂંટણીઓમાં પરાજિત થતો આવ્યો છે, છતાં પણ વિરોધ કરવાની પોતાની પરંપરાગત નીતિ બદલવામાં નિષ્ફળ રહ્યો છે. તાજેતરમાં ત્રેવડ વગર મેદાનમાં ઉતરેલા વિપક્ષે ગાંધીનગર મહાપાલિકામાં પણ મુંડાવ્યું હતું, જેમાં 'આપ'ને તો એક પણ બેઠક મળી નહોતી.

લોકશાહીમાં માત્ર પ્રતિકાત્મક આવેદનપત્ર પાઠવીને પોતપોતાની ફરજ પૂરી થઈ ગયાનો સંતોષ માનવાથી જનતાનો વિશ્વાસ જીતી શકાતો નથી.

જો વિપક્ષે ખરેખર જનતાના દિલમાં સ્થાન બનાવવું હોય અને શાસક પક્ષને મજબૂત ટક્કર આપવી હોય તો માત્ર 'આપ' જ નહીં, પરંતુ મુખ્ય વિપક્ષ તરીકે કોંગ્રેસે પણ પોતાની દમ વગરની રણનીતિ છોડીને નિર્ણાયક વિરોધ કરવા મેદાનમાં આવવું પડશે.

જનતાના પ્રશ્નો માટે રસ્તા પર ઉતરીને તાકાત દેખાડવી પડશે. ઔપચારિક વિરોધ કરવાથી કંઈ નહીં વળે; જનઆંદોલન ઊભું કરી પ્રજાકીય પ્રશ્નોનો ઉકેલ લાવવાની ક્ષમતા દર્શાવવી એ જ આજની ઘડીએ વિપક્ષ માટે એકમાત્ર સાર્થક માર્ગ છે.

ધૂસણખોરીનું જમ્મુ કાશ્મીરમાં મોટું કાવતરું!

૫૦૦ આતંકવાદીઓ PoKમાં હાજર હોવાનો દાવો, શિયાળા પહેલા ઘૂસણખોરીની આશંકા




નવીદિલ્હી, તા. ૧૬

શિયાળાની શરૂઆત પહેલા જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓની ઘૂસણખોરીનું પાકિસ્તાની કાવતરું હોવાની આશંકા છે. બૌદ્ધિક માહિતી સૂચવે છે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં લોન્ચપેડ પર લગભગ ૫૦૦ આતંકવાદીઓ હાજર છે. એવી આશંકા છે કે બરફવર્ષાને કારણે પર્વતીય માર્ગો બંધ થાય તે પહેલાં ભારતીય સરહદમાં આતંકવાદીઓને ઘૂસણખોરી કરવાનો પ્રયાસ થઈ શકે છે. ગુપ્તચર માહિતી અનુસાર, પાકિસ્તાન નિયંત્રણ રેખા (LoC) નજીક સ્થિત લોન્ચપેડનો ઉપયોગ કરીને આતંકવાદીઓને ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી શકે છે. શિયાળા દરમિયાન ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા પરંપરાગત ઘૂસણખોરી માર્ગો બંધ કરે છે. તેથી, હિમવર્ષા પહેલાં ભારતીય સરહદમાં આતંકવાદીઓને ઘૂસણખોરી કરવાનો પ્રયાસ સુરક્ષા એજન્સીઓ માટે પડકાર ઉભો કરી શકે છે.

અગાઉના અહેવાલોમાં ખુલાસો થયો છે કે આતંકવાદીઓ સતત નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ બંને પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે બરફવર્ષા પછી પર્વતીય માર્ગો બંધ થઈ જાય છે, ત્યારે આતંકવાદીઓ ઘૂસણખોરી માટે પ્રમાણમાં સલામત માર્ગ તરીકે આંતરરાષ્ટ્રીય સરહદનો ઉપયોગ કરે તેવી શક્યતા વધુ હોય છે. પરિણામે, સુરક્ષા એજન્સીઓએ બંને મોરચે દેખરેખ અને સતર્કતા વધારી છે. ઘૂસણખોરીને રોકવા માટે સુરક્ષા દળો નિયંત્રણ રેખા અને જમ્મુ અને કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર સતત દેખરેખ રાખે છે. હિમવર્ષા પહેલા, ભારતીય સેનાને લોન્ચપેડથી આતંકવાદીઓ દ્વારા સંભવિત ઘૂસણખોરીને રોકવા માટે LoC પર હાઇ એલર્ટ પર રાખવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય સરહદ પર સંરક્ષણની પ્રથમ હરોળ ગણાતી બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ને પણ ઘૂસણખોરી વિરોધી કામગીરીને વધુ તીવ્ર બનાવવા સૂચના આપવામાં આવી છે. આતંકવાદીઓની સંભવિત ઘૂસણખોરીને ધ્યાનમાં રાખીને સરહદ પર સતર્કતા મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જોકે, જ્ઞાઓ માં ૫૦૦ આતંકવાદીઓની હાજરી સૂચવતા ગુપ્તચર માહિતીને પગલે સુરક્ષા દળોને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. શિયાળા પહેલાનો સમયગાળો સુરક્ષા દ્રષ્ટિકોણથી સંવેદનશીલ સમયગાળો માનવામાં આવે છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા શરૂ થાય તે પહેલાં ઘૂસણખોરીના પ્રયાસો સુરક્ષા દળો માટે વધારાના પડકારો ઉભા કરી શકે છે. આવી સ્થિતિમાં, LoC પર દેખરેખ, પેટ્રોલિંગ અને ગુપ્તચર આધારિત કાર્યવાહી મહત્વપૂર્ણ રહેશે. વધુમાં, આંતરરાષ્ટ્રીય સરહદ પર ઈજ્ઞ્ની સતર્કતા અને વધેલી ઘૂસણખોરી વિરોધી કામગીરી પણ સુરક્ષા વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે.

અબિયોની મુંબઈ મુલાકાત પર રાહુલ ગાંધીનો કટાક્ષ

કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું: વિદેશ મંત્રાલયમાં મૂંઝવણનો દાવો કરી, વડા પ્રધાન પાસેથી સ્પષ્ટતા માંગી



નવીદિલ્હી, તા. ૧૬


અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની આગામી ભારત મુલાકાત અંગે રાજકીય નિવેદનબાજી શરૂ થઈ ગઈ છે. આનું કારણ અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરના એક નિવેદન છે, જેમાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે વિદેશ મંત્રી એસ. જયશંકર મુંબઈમાં રુબિયોની મુલાકાત લેશે. આના કારણે હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા થઈ રહી છે. રાહુલ ગાંધીએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં વડાપ્રધાન મોદી પાસે આ બાબતે સ્પષ્ટતા માંગી છે. તેમણે લખ્યું છે કે, ''રુબિયો (અમેરિકન વિદેશ મંત્રી) એ પોતાના સ્ટાફને મુંબઈ બોલાવ્યા છે.'' રાહુલે પીએમ મોદી પર વધુ સવાલ ઉઠાવતા કહ્યું કે, ''વિદેશ મંત્રાલયમાં તમારા અધિકારીઓ શું થઈ રહ્યું છે તે અંગે મૂંઝવણમાં છે.''

૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં એક ઇન્ટરેક્ટિવ સત્ર દરમિયાન યુએસ રાજદૂત સર્જિયો ગોરે આ નિવેદન આપ્યું હતું. ગોરે કહ્યું, ''અમને આશા છે કે મંત્રી ડો. એસ. જયશંકર ત્યાં હશે અને દિલ્હીના અન્ય લોકો સાથે મુલાકાત કર્યા પછી, મુંબઈમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોને મળશે.'' અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો ૧૭ થી ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ભારતની સત્તાવાર મુલાકાતે આવશે. આ વર્ષે આ તેમનો બીજો ભારત પ્રવાસ હશે. તેમની મુલાકાત દરમિયાન, રુબિયો મુંબઈ અને ગુજરાતના જામનગરની પણ મુલાકાત લેશે. જામનગરમાં, તેઓ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ રિફાઇનરીની મુલાકાત લેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકાના વિદેશ મંત્રી આ વખતે નવી દિલ્હીની મુલાકાત લેશે નહીં. અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરના નિવેદનથી ભારત-અમેરિકાના રાજદ્વારી વર્તુળોમાં નવી ચર્ચા શરૂ થઈ છે. વિપક્ષ આ અંગે સરકાર પર હુમલો કરી રહ્યો છે. રાહુલ ગાંધી ઉપરાંત, કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે પણ સરકારના મૌન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે પૂછ્યું, ''ભારતના વિદેશ મંત્રી દ્વારા ભારતમાં યોજાનારી બેઠકોની જાહેરાત વિદેશ મંત્રાલય સિવાય અન્ય લોકો દ્વારા ક્યારથી કરવામાં આવી છે?''

તેમણે પૂછ્યું, ''શું આ ખઊિઅ ના સત્તાવાર પ્રવક્તા સિવાય અન્ય કોઈને આઉટસોર્સ કરવામાં આવ્યું છે?'' ભારતને યુએસ રાજદૂત પાસેથી એવી જ રીતે ખબર પડી જેમ ૧૦ મે, ૨૦૨૫ ની સાંજે શ્રી રુબિયો પાસેથી જાણવા મળ્યું કે ઓપરેશન સિંદૂર બંધ કરી દેવામાં આવ્યું છે. મુંબઈમાં શ્રી રુબિયો સાથે વિદેશ મંત્રીની મુલાકાત અંગે વિદેશ મંત્રાલય કેમ ચૂપ છે? રાહુલ ગાંધીએ માર્કો રુબિયોની મુંબઈ મુલાકાત અંગે અમેરિકન રાજદૂતના નિવેદન પર સરકારની ટીકા કરી છે. તેમણે વિદેશ મંત્રાલયમાં મૂંઝવણનો દાવો કર્યો અને વડા પ્રધાન પાસેથી સ્પષ્ટતા માંગી.

પંજાબના લોકોની સુરક્ષાની જવાબદારી કોણ લેશે?

અમિત શાહે માન સરકાર પર પ્રહાર કર્યા, કહ્યું કે તેમણે જવાબ આપવો પડશે



નવીદિલ્હી, તા. ૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે પંજાબમાં ડ્રગ્સના દુરુપયોગ, ગેંગસ્ટરિઝમ અને સંગઠિત ગુનાના વધતા ખતરા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ભગવંત માન સરકાર હેઠળ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે પંજાબમાં ડ્રગનો વેપાર ફૂલીફાલી રહ્યો છે, સંગઠિત ગુનાનો ભય વધી રહ્યો છે, અને ડ્રગ્સના દુરુપયોગ સામે બોલનારાઓની સલામતી પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. અમિત શાહે પોતાની પોસ્ટમાં દિરબામાં દબાણ હેઠળ પિતા દ્વારા ઝેર પીવાની ઘટનાઓ અને માનસામાં ડ્રગ એક્ટિવિસ્ટ પરવિંદર સિંહ જોટાની ધોળા દિવસે હત્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો. પરવિંદરના પિતાએ અઅઙ સરકાર અને તેના ધારાસભ્ય પર ગંભીર આરોપો લગાવ્યા છે. અમિત શાહે કહ્યું હતું કે ગૃહ મંત્રાલય આ બંને ઘટનાઓ પર પંજાબ સરકાર પાસેથી જવાબ પણ માંગશે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે પંજાબ આજે ડ્રગ્સના દુરુપયોગ, ગેંગસ્ટરિઝમ અને સંગઠિત ગુનાના વધતા ખતરાનો સામનો કરી રહ્યું છે. ભગવંત માન સરકાર સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કેઃ પંજાબના લોકોની સુરક્ષા માટે કોણ જવાબદાર રહેશે? પંજાબના લોકોને પ્રચાર નહીં, પણ જવાબો અને જાહેરાતો, ડ્રગ નેટવર્ક પર નિર્ણાયક હુમલો અને ગુનેગારોને આપવામાં આવતા રક્ષણની નિષ્પક્ષ તપાસની જરૂર છે.

અમિત શાહે કહ્યું, ''હું પંજાબના લોકોને મારા સંકલ્પનો પુનરોચ્ચાર કરું છું કે જો અમારી સરકાર બનશે, તો અમે ડ્રગ મુક્ત, ગેંગસ્ટર મુક્ત અને સુરક્ષિત પંજાબ બનાવવા માટે અમારી બધી શક્તિથી કામ કરીશું. અમારું લક્ષ્ય સ્પષ્ટ છેઃ ડ્રગના વેપાર પર હુમલો કરવો, યુવાનોના ભવિષ્યનું રક્ષણ કરવું, ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવી અને કાયદાનું શાસન સુનિશ્ચિત કરવું જ્યાં કોઈ પણ નાગરિકને ભયમાં જીવવા માટે મજબૂર ન કરવો પડે.'' ૧૩ ઓક્ટોબરના રોજ, પંજાબના માનસા જિલ્લામાં પરવિંદર સિંહ જોથાની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના તેમના ફેસબુક લાઈવ દરમિયાન કેમેરામાં કેદ થઈ હતી. તેઓ એક મેડિકલ સ્ટોર માલિકને માદક દ્રવ્યોની ગોળીઓના વેચાણ અંગે પૂછપરછ કરી રહ્યા હતા. દલીલ વધતી ગઈ, આરોપીએ ગોળીબાર કર્યો, જેમાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું.

જોકે, પોલીસે આરોપીની ધરપકડ કરી અને તેનું ઘર તોડી પાડ્યું. બીજા એક કેસમાં, ગુલઝાર સિંહે ૭ સપ્ટેમ્બરના રોજ દિરબામાં ઝેર પીને આત્મહત્યા કરી હતી. તેમના પર આરોપ છે કે તેમણે પંજાબના નાણામંત્રીને ગામમાં મોટા પાયે થતા માદક દ્રવ્યોના વેચાણ અંગે પ્રશ્ન કર્યો હતો. આ પછી, અઅઙ કાર્યકરો દ્વારા તેમને હેરાન અને અપમાનિત કરવામાં આવ્યા હતા. દિરબા અને માનસામાં બનેલી ઘટનાઓ અંગે અમિત શાહે પંજાબ સરકાર પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે જો તેમની સરકાર બનશે, તો તેઓ પંજાબને ડ્રગ્સ અને ગેંગસ્ટર મુક્ત બનાવવા માટે પોતાની બધી શક્તિથી કામ કરશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

સપ્તમીએ પ્રગટેલા કાલરાત્રિનાં બે સ્વરૂપ એટલે કે પાવાગઢની કાળકા અને ચોટીલાની ચંડી ચામુંડા



હમણાં જ્યાં જુવો ત્યાં સનાતન ધર્મ ને ટેગ કરીને સાચી ખોટી કરવામાં આવે છે,પણ આપણાં જ ધર્મ વિશે આપણે પૂરું જાણીએ છીએ? એનાથી સંતુષ્ટ છીએ? સનાતન ધર્મમાં ભગવો એટલે વેશ કે તિલકનું ખૂબ મહત્વ છે, પરંતુ માત્ર બાહ્ય રુપરેખા અંકિત કરવાથી પરિણામ સુધી પહોંચી શકાતું નથી. આપણે બધા જ રોજ વિશ્વંભરી કે જય આદ્ય શક્તિ ગાઈએ છીએ, પણ એકમથી શરૂ કરીને પૂનમ સુધીની તિથિઓનું એમાં આધ્યાત્મિક રુપ બતાવ્યું છે, અને આજે આસો નવરાત્રીની સાતમ છે, અને જય આદ્ય શક્તિની આરતીમાં અજવાળી સાતમનું મહત્વ બતાવ્યું છે, કે જેમ બ્રહ્માંડમાં સપ્ત પાતાળ યાને કે સપ્તલોકની તથા તેમના અધિષ્ઠાતા દેવ-દેવીની વાત જણાવા મળે છે, એ જ રીતે આપણાં દેહમાં પણ સપ્તલોક કાર્યરત છે, અથવા સમાયેલા છે. જેમ કે ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, અને સત્ત્યમ જેના અધિષ્ઠાત્રી ગૌરી, ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી, સંધ્યા સાવિત્રી છે, તિથિ લેખ આવી કોઈ અધિષ્ઠાત્રી દેવી એ ચિંતન રૂપે વિશ્વ શાંતિ માટે શુભ નું કંકુ વેરરા મારો જન્મ થયો હશે એવું આજે લાગે છે, બાકી ઘર ગૃહસ્થીનું કર્તવ્ય કર્મ તો દરેક સ્ત્રી કરતી જ હોય! ગરબા માં દીપ પ્રગટાવવો એ એક સ્થૂળ વાત છે, પરંતુ ગરબો પણ આપણાં સ્થૂળ શરીરનું જ પ્રતિક છે અને એટલે શરીરમાં પણ આત્મદીપના અજવાળા કરવાનાં છે, નિર્મળ ભક્તિ-ભાવનાનું ઈંધણ પૂરી તેને પ્રકાશિત રાખવાનો છે. નવરાત્રીની સપ્તમીએ નવદુર્ગાના માતા કાલરાત્રિ સ્વરૂપની પૂજા આરાધનાનો દિવસ છે. નવરાત્રીમાં દેવી દર્શનનો પણ ખૂબ મહિમા ગવાયો છે અને સાધક ભક્ત પોતાની મનોકામના પૂર્ણ કરવા તીર્થમાં આવેલ મંદિરોના દર્શને પણ જાય છે, અને તેથી જ હિન્દુ સનાતન ધર્મમાં પૌરાણિક મંદિરોનું એક આગવું સ્થાન છે, અને એને આપણે તીર્થ કહેતા હોઈએ છીએ, જપ સાથે જે મુસાફરી થાય એને જાત્રા એવું પણ કહેવામાં આવે છે.

સાતમા દિવસે શ્રીદુર્ગાનું સાતમું સ્વરૂપ એટલે શ્રી કાલરાત્રિ છે. આ સ્વરૂપ કાળનો નાશ કરનાર છે, એટલા માટે કાલરાત્રિ કહેવાય છે. નવરાત્રિના સાતામા દિવસે એની પુજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનું ચિત્ત ભાનુ ચક્ર કપાળની વચ્ચે સ્થિર કરીને સાધના કરવી જોઈએ. શ્રી કાલરાત્રિની સાધના કરવાથી સાધકનું ભાનુ ચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ તેની મેળે જ પ્રાપ્ત થઈ જાય છે. આ માતા દેખાવમાં ભયંકર અને અસુર કુળનો સંહાર કરનારી છે. છુટ્ટા વાળ, કાળો વાન, ગળામાં વીજળી જેવી ચમકતી માળા, અને હાથમાં ખપ્પર ધારણ કરનારી આ માતા દેખાવમાં જેટલી ભયંકર છે તેટલી જ મંગલકારી પણ છે.આપણે આજે આવા જ બે માતાનાં મંદિર વિશે આવો દર્શન કરીએ માં વાત કરીશું. પાવાગઢની મહાકાળી, અને ચોટીલાની ચામુંડા માતાજીની.

પાવાગઢ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લામાં આવેલા હાલોલ નજીક આવેલો એક પર્વત છે. આ પર્વતની તળેટીમાં ગુજરાતની એક સમયની રાજધાની રહી ચુકેલું ઐતિહાસિક ચાંપાનેર ગામ વસેલું છે. તેમજ આ પર્વતની ટોચ પર આવેલા મહાકાળી માતાના મંદિરને કારણે, આ સ્થળ ગુજરાતનાં પવિત્ર યાત્રાધામ પૈકીનું એક તીર્થસ્થળ ગણાય છે. ચૈત્રી તેમજ આસોની નવરાત્રિના નવ દિવસોમાં અહીં સૌથી વધુ લોકો દર્શનાર્થે આવે છે. એક માન્યતા મુજબ પાવાગઢનો સમાવેશ માતાજીની મહત્વની શક્તિપીઠોમાં થાય છે, અને અહીં સતિનાં સ્તનનો ભાગ પડ્યો હોવાનું કહેવામાં આવે છે.

વર્ષો પહેલા પાવાગઢ ચાંપાનેર પંથકમાં પતઈ કુળના રાજા રાજ્ય કરતા હતા. તેઓ કાળકા માતાના પરમ ઉપાસક હતા અને તેમની ભક્તિથી પ્રસન્ન કાળકા માતા દર નવરાત્રિના નવ દિવસ અહીં ગરબા રમવા આવતા હતા. પતઈ કુળના છેલ્લા શાસક રાજા જયસિંહ કે જેઓએ એકવાર નવરાત્રિમાં મદિરાપાન કર્યું અને રુપ બદલી ગરબે રમતા માતાજીને જોઇ, તેમના રુપથી મોહિત થઇ ગયા. તેમણે માતાજીનો પાલવ પકડી રાણી બનવા કહ્યું. માતાજીએ ઘણું સમજાવ્યા બાદ પણ પતઈ રાજા જયસિંહે પોતાની જીદ છોડી નહી, તેથી કોપાયમાન થઇ માતાજીએ પોતાનું અસલ ને ભયંકર સ્વરુપ ધારણ કરી રાજાને શ્રાપ આપ્યો, કે આવતા છ મહિનામાં તારું સામ્રાજ્ય નષ્ટ થઇ જશે. પતઈ રાજા જયસિંહને મહંમદ બેગડાએ હરાવી ચાંપાનેર જીતી લીધું, અને ત્યાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું.

ચામુંડા , હિંદુ ધર્મમાં માતાજી તરીકે પૂજાય છે. ચામુંડા ચામુંડી અને ચર્ચિકા તરીકે પણ ઓળખાય છે. તે સપ્ત માતાઓમાંની એક મનાય છે. તે ઉપરાંત ચોસઠ જોગણીઓ કે એકયાસી તાંત્રિક દેવીઓમાં મુખ્ય ગણાય છે. ચામુંડા માતા દુર્ગાનું સ્વરૂપ ગણાય છે. ચંડ અને મુંડ નામનાં રાક્ષસોને મારનાર દૈવી સ્વરૂપ એટલે ચંડી ચામુંડાનું છે. માતા ચામુંડાને ક્યારેક પાર્વતી, ચંડી અને કાલિનું સ્વરૂપ પણ મનાય છે. માતા ચામુંડાનો નિવાસ મોટાભાગે વડનાં વૃક્ષમાં મનાય છે. હિંદુ ધર્મ ઉપરાંત જૈન ધર્મમાં પણ ચામુંડા માતાનું ઘણું મહત્વ મનાયું છે. ત્રિશુલ અને તલવાર એ ચામુંડાનાં આયુધો છે.

સદીઓ પહેલાં શુંમ્ભ ને નિશુંભ ધરતી પર અત્યાચાર ફેલાવ્યો હતો, અને દેવતાઓ વામણા સાબિત થતાં જતાં હતાં, તેને કોઈ જીતી શકતો ન્હોતુ અને દિવસે ને દિવસે અત્યાચાર વધતો હતો.આથી દેવતાઓ આદ્યશક્તિની આરાધના કરે છે, અને માતાજી તેને વરદાન આપે છે. કૌશિકી માતા સ્વરૂપે પોતે જન્મ લેશે, અને દેવતા તથા માનવોની રક્ષા કરી, આ સમસ્યાનો હલ કરશે. કૌશિકી મા સાથે લગ્ન કરવા શુમ્ભ ને નિશુંભ ઉતાવળાં થાય છે. પરંતુ માતા એવી શરત રાખે છે કે જે કોઈ તેને યુદ્ધમાં હરાવશે તેની સાથે તે લગ્ન કરશે,અને આ સાંભળી ને બંને ગુસ્સે થઈ ચંડ મુંડ કૌશિકીને તેને વાળ ખેંચી લાવવા કહે છે.માતા કૌશિકી તેનો વધ કરવા આક્રમક રુપ ધારણ કરે છે, એથી તે ચામુંડા અથવા ચંડી ચામુંડા એવું નામથી ઓળખાય છે.

માતા કાલરાત્રિ હોય કે સિદ્ધિ દાત્રી, મા તો મા છે, અને જે સદા કોઈ ને કોઈ રીતે પોતાના બાળકનું કે સંતાનનું ભલું જ કરે છે.આસો નવરાત્રીની આવી જ એક રાત્રી એ એટલે કે ૧૯૬૮ની એ સપ્તમીની રાત્રી એ બાર વાગ્યે એક નાગર કન્યાનો જન્મ થયો હતો, તેને આજે આપ સૌ સદગુરુ કૃપાથી આજનાં ચિંતનની લેખિકા તરીકે ઓળખો છો, અને એના જન્મનું કારણ પણ કદાચ મા આદ્ય શક્તિની અહેતું આરાધના જ છે. માતાને કોઈ જ મોટી મોટી સાધનાની જરૂર નથી, નથી પૂજા પદ્ધતિની જરૂર, કે લાંબા લાંબા કર્મકાંડો કરવાની જરૂર નથી, યજ્ઞ હોમ હવન બધું જ જીવ પોતે પોતાની પવિત્રતા માટે જ કરે છે, માતા તો પોતે પવિત્ર જ છે. દુનિયામાં સૌથી પવિત્ર સંબંધ માતાને બાળકનો ગણાયો છે, અને કોઇપણ સંજોગો હોય માતા પોતાના બાળકનાં હિતનું વિચારે છે. માતા પોતાના બાળકને પરેશાન જોઈ નથી શકતી. આપણાં જીવનમાં વધુ સુખ શાંતિ આવે એટલે ક્યારેક મા પોતાનું સ્વરૂપ ઉગ્ર કરે તો પણ એ આપણાં ભલા માટે જ છે એમ સમજી એને ભજતાં રહેવામાં જ જીવનનો સાર છે. હાલ સમગ્ર વિશ્વ અશાંત છે અને આ શક્તિ પૂજાના દિવસોમાં આપણે સૌ વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરીએ, મા જરૂર આપણી પ્રાર્થના સાંભળશે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

જળસંકટ, ડામરના કોન્ટ્રાક્ટ અને રસ્તાના કામો પર તીખા સવાલો

ભેળસેળિયા સામે 'જીરો ટોલરન્સ' : પાણી-રસ્તાના પ્રશ્ને સંગ્રામ!

મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આજે : શહેરની સ્વચ્છતા, જાહેર આરોગ્ય અને કાયદાકીય સુધારા અંગેની કુલ ૮ મહત્વની દરખાસ્તો



રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આજે સવારે ૧૧ વાગ્યે મેયર ડો. નેહલ શુકલના અધ્યક્ષસ્થાને મળવા જઈ રહ્યું છે. આ બેઠક મનપાના વહીવટી અને શહેરના વિકાસની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. બોડના એજન્ડામાં નાગરિકોના જાહેર આરોગ્ય, શહેરની સ્વચ્છતા અને પર્યાવરણને સ્પર્શતી કુલ ૮ જેટલી દરખાસ્તો સામેલ કરવામાં આવી છે.

આગામી બોર્ડમાં સૌથી મહત્વની બાબત એ છે કે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા ધંધાર્થીઓ સામે કાયદાનો કોરડો વીંઝવા માટે મનપા દ્વારા ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ આકરી સજા અને દંડની જોગવાઈ સાથેનો ઠરાવ પસાર કરીને રાજ્ય સરકારને મોકલવાની તૈયારી કરવામાં આવી છે. આ ઉપરાંત સ્વચ્છ ભારત મિશન હેઠળ દેશભરમાં લાગુ કરાયેલા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલા મોડેલ બાય-લોઝનું રાજકોટ મહાપાલિકામાં ચુસ્ત અમલીકરણ કરવાની દરખાસ્ત પણ એજન્ડા પર છે. બીજી તરફ, પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના કોર્પોરેટરો દ્વારા રસ્તા, પાણી અને સફાઈ જેવા પ્રજાકીય પ્રશ્નો મુદ્દે શાસક પક્ષ અને વહીવટી તંત્રને ઘેરવાની પૂરેપૂરી તૈયારી કરી લેવાઈ છે, જેના કારણે કાલનું જનરલ બોર્ડ તોફાની અને ગરમાગરમ રહેવાની શક્યતા છે.

શાસકોનો 'નિયમ' કે વિપક્ષને 'ઘેરવાનો' કીમિયો? મનપામાં બે મહત્વના સવાલો પર બ્રેક!

રાજકોટ મહાનગરપાલિકાની આગામી સામાન્ય સભા પહેલા જ રાજકીય ગરમાવો વધી ગયો છે. બોર્ડ અધ્યક્ષ અને મેયર ડો. નેહલ શુક્લ દ્વારા સામાન્ય સભાની પ્રશ્નોત્તરીમાંથી જંગલેશ્વર ડિમોલીશન ખર્ચ અને તેની તપાસને લગતો મહત્વનો સવાલ રદ્ધ કરી નાખવામાં આવ્યો છે. વિપક્ષી નેતા દીપ્તીબેન સોલંકી દ્વારા પૂછાયેલા આ સવાલમાં જંગલેશ્વર ડિમોલીશનની તપાસ ક્યાં સુધી પહોંચી, તેનો રિપોર્ટ ક્યારે જાહેર કરવામાં આવશે, સમયમર્યાદા શું છે અને તપાસમાં વિલંબ થવાનું કારણ શું છે તે અંગે તંત્ર પાસે જવાબ માગવામાં આવ્યો હતો. જોકે, મેયર દ્વારા આ પ્રશ્ન માન્ય રાખવામાં આવ્યો નથી. મેયરના જણાવ્યા મુજબ મનપાના નિયમ પ્રમાણે એકનો એક સવાલ ત્રણ મહિનાની અંદર ફરીથી પ્રશ્નોત્તરીમાં સામેલ કરી શકાતો નથી, આથી આ મુદ્દાને ચર્ચામાંથી બહાર રાખવામાં આવ્યો છે. આ જ નિયમના કારણે માત્ર વિપક્ષ જ નહીં પરંતુ શાસક પક્ષ ભાજપના કોર્પોરેટર દર્શન પેંચ્યાતરનો પ્રશ્ન પણ દૂર કરાયો છે, જેમાં તેમણે ફૂડ નિયમો માત્ર શાકાહારી વેચાણ કરનારાઓને જ કેમ લાગુ પડે છે તે અંગે પુનરાવર્તિત સવાલ પૂછ્યો હતો. સભાની શરૂઆત પહેલા જ મહત્વના પ્રશ્નો રદ્ધ થતાં આવતીકાલના બોર્ડમાં આ મુદ્દે ભારે હંગામો થવાની શક્યતા સેવાઈ રહી છે.

જનરલ બોર્ડમાં બે મુખ્ય દરખાસ્ત

- ભેળસેળિયાઓ સામે ફૂડ એક્ટ હેઠળ આકરી સજા અને દંડની જોગવાઈ : રાજકોટ શહેરમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને હલકી ગુણવત્તાવાળી વાસી કે નુકસાનકારક સામગ્રી વેચીને નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે મનપાએ કડક વલણ અપનાવ્યું છે. કાયદો અને નિયમન સમિતિ દ્વારા ફૂડ સેફ્ટી એક્ટ ૨૦૦૬ હેઠળની સજા અને દંડની જોગવાઈઓને વધુ આકરી બનાવવા તથા તેના કડક અમલ માટે જરૂરી કાયદાકીય અને વહીવટી સુધારા લાગુ કરવા ભલામણ કરાઈ છે. ભેળસેળ કરનારા વેપારીઓ સામે સીધી ફોજદારી કાર્યવાહી કરવાથી માંડીને આકરી કેદ અને ભારે દંડ સુધીની જોગવાઈઓ સાથેનો ઠરાવ સાધારણ સભામાં પસાર કરી રાજ્ય સરકારને મંજૂરી અર્થે મોકલવામાં આવશે.
- ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬ અને મોડેલ બાય-લોઝનો અમલ : શહેરની સ્વચ્છતા અને ઘન કચરાના યોગ્ય નિકાલ માટે સેનિટેશન કમિટી દ્વારા સુપ્રીમ કોર્ટના આદેશો અનુસાર આકરા નિયમોની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬ હેઠળ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલા મોડેલ બાય-લોઝ રાજકોટમાં અમલી બનશે. નવી વ્યવસ્થા હેઠળ દરેક સ્તરે કચરાનું ગીલો અને સૂકો એમ ફરજિયાત વર્ગીકરણ કરવાનું રહેશે.૧૦૦ ટનથી વધુ પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતી સોસાયટીઓ અને સંસ્થાઓએ કચરાના નિકાલની વ્યવસ્થા જાતે કરવાની રહેશે અથવા મનપાને તેનો ખર્ચ ચૂકવવો પડશે. નિયમોનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરાશે.

દૂષિત પાણી, ડેમોની સ્થિતિ અને રસ્તાના કામો અંગે સવાલોની વણઝાર

પ્રશ્નોત્તરી કાળ દરમિયાન બંને પક્ષના સભ્યો દ્વારા શહેરની પ્રાથમિક સુવિધાઓ અંગે તીખા સવાલો પૂછવામાં આવ્યા છે

- વોર્ડ નં. ૧૧ (કોન્ટ્રાક્ટરની કામગીરી): સભાની શરૂઆત વોર્ડ નં. ૧૧ ના રક્ષિત કલોલા દ્વારા ડામર અને પાઈપલાઈનના કોન્ટ્રાક્ટરની નબળી કામગીરી, વિલંબ અને પાઠવવામાં આવેલી નોટિસો અંગેની ચર્ચાથી થશે.
- વોર્ડ નં. ૧૭ (પાણીનું આયોજન): ડો. રીંકલ મેઘાણીએ સવાલ ઉઠાવ્યો છે કે 30 વર્ષ પહેલાંની સરખામણીએ શહેરની વસ્તી ૧૦ ગણી વધી છે, છતાં રાજકોટ માત્ર આજી, ન્યારી અને ભાદર ડેમ પર જ નિર્ભર છે. તેમણે ડેમોમાં પાણીનો સ્ટોક, વરસાદની ટકાવારી અને નવા ડેમ સહિત વોટર હાર્વેસ્ટિંગના આયોજન અંગે વિગતો માંગી છે.
- વોર્ડ નં. ૧૬ (કન્ટીજન્સી પ્લાન): કોંગ્રેસ નેતા દિપ્તીબેન સોલંકીએ નર્મદા નીર અનિયમિત થાય તો વૈકલ્પિક આયોજન (કન્ટીજન્સી પ્લાન) શું છે તે પૂછ્યું છે. આ ઉપરાંત ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીમાં રસ્તાના કામો, થયેલ ખર્ચ અને તૂટેલા રસ્તાઓ સામે લેવાયેલા પગલાંની માહિતી માંગી છે.
- વોર્ડ નં. ૧૮ અને અન્ય સવાલો: કોંગ્રેસના રહીમભાઈ સોરાએ જેટીંગ મશીનની સંખ્યા, વપરાતું પાણી અને રૂ. ૧ કરોડથી વધુ મિલકતવેરો ચડત હોય તો પાણીનું કનેક્શન કાપવા અંગે કાયદાકીય સ્પષ્ટતા માંગી છે. જ્યારે સંજયભાઈ સાગઠીયાએ વોર્ડ નં. ૧૮ માં દૈનિક સફાઈની કથળેલી હાલત અંગે જવાબ માંગ્યો છે.

મિલાવટખોરો સામે રાજકોટ કોર્પોરેશન એક્શન મોડમાં

સ્થાનિક લેબમાં જ ઝટપટ થશે ચકાસણી, ૪૫ દિવસનો ધક્કો ભૂતકાળ બનશે

પ્રથમ વખત વોર્ડ નં. ૧૦માં ૫.૨૨ કરોડના ખર્ચે બનશે હાઈ-ટેક ફૂડ લેબોરેટરી

રાજકોટ, તા. ૧૬

રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારમાં પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા મિલાવટખોરો અને અખાદ્ય સામગ્રી વેચનારાઓ સામે રાજકોટ મહાનગરપાલિકાએ હવે કડક વલણ અપનાવ્યું છે. અત્યાર સુધી ખાદ્ય પદાર્થોના નમૂના લીધા બાદ તેના ચકાસણી રિપોર્ટ માટે લાંબી રાહ જોવી પડતી હતી, જે સમસ્યાનો હવે કાયમી ઉકેલ આવવા જઈ રહ્યો છે. રાજકોટમાં જ અત્યાધુનિક ફૂડ લેબોરેટરી સ્થાપવાની મહત્ત્વપૂર્ણ દરખાસ્તને આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. આ નિર્ણયથી હવે ખાદ્ય પદાર્થોના સેમ્પલનો રિપોર્ટ થોડા જ દિવસોમાં હાથ પર આવી જશે, જેના લીધે ભેળસેળ કરનારા તત્વો સામે ત્વરિત અને આકરાં પગલાં ભરી શકાશે.



આ અંગે વિગતવાર માહિતી આપતાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં સૌપ્રથમ વખત ખાદ્ય પદાર્થોની સ્થાનિક કક્ષાએ જ ઝીણવટભરી ચકાસણી થઈ શકે તે માટે વોર્ડ નં. ૧૦માં અદ્યતન ફૂડ લેબોરેટરી, આરોગ્ય કેન્દ્ર અને મેલેરિયા ઓફિસનું એક સંયુક્ત સંકુલ બનાવવાનો નિર્ણય લેવાયો છે. વર્તમાન સ્થિતિમાં મનપાની આરોગ્ય ટીમ દ્વારા લેવામાં આવતા ખાદ્ય પદાર્થોના નમૂના પરીક્ષણ અર્થે વડોદરા સ્થિત લેબોરેટરીમાં મોકલવા પડે છે. ત્યાંથી રિપોર્ટ આવવામાં ૪૫ દિવસ કરતાં પણ વધુ સમય વીતી જાય છે. આ લાંબા સમયગાળા દરમિયાન મિલાવટખોરો છટકી જતાં હતાં અથવા તો વેપાર ચાલુ રાખતાં હતાં. પરંતુ હવે સ્થાનિક કક્ષાએ જ લેબ તૈયાર થઈ જતાં રિપોર્ટ ખૂબ ઝડપથી મળશે અને દોષિતો સામે તાત્કાલિક કાનૂની પ્રોટોકોલ હેઠળ કડક કાર્યવાહી શક્ય બનશે.

આ ડ્રીમ પ્રોજેક્ટના નિર્માણ માટે વોર્ડ નં. ૧૦માં આવેલ સયાજી હોટલની પાછળ, ટી.આર.પી. ગેમ ઝોન સામે અને દીપવન મેઈન રોડ પર સ્થિત ૨૨૬૦ ચોરસ મીટરના વિશાળ પ્લોટની પસંદગી કરવામાં આવી છે. આ સ્થળે નવું બિલ્ડિંગ બનાવવા માટે સૂર્યા કોર્પોરેશન નામની એજન્સીને રૂ. ૫.૨૨ કરોડનું કામ સોંપવામાં આવ્યું છે. આ અદ્યતન બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૦,૬૫૬ ચોરસ ફૂટમાં આરોગ્ય કેન્દ્ર અને ૧,૦૦૦ ચોરસ ફૂટમાં મેલેરિયા ઓફિસ આકાર પામશે. જ્યારે પ્રથમ માળે ૧૭,૧૦૦ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં અદ્યતન ફૂડ લેબોરેટરી અને બીજા માળે સ્પેશિયલાઈઝ્ડ ટેસ્ટિંગ લેબનું નિર્માણ કરવામાં આવશે, જે આધુનિક ઉપકરણોથી સજ્જ હશે.

ચેરમેને વધુમાં ઉમેર્યું હતું કે, હાલમાં ભાવનગરમાં ફૂડ લેબનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જ્યારે રાજકોટ કોર્પોરેશને આજે આ મહત્વની મંજૂરી આપી દીધી છે. રાજકોટ ઉપરાંત જૂનાગઢ અને જામનગર મહાનગરપાલિકા દ્વારા પણ પોતાની ફૂડ લેબોરેટરી ઊભી કરવા માટે આયોજન તૈયાર કરી લેવાયું છે. લોકોના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડાં સંપૂર્ણપણે બંધ થાય અને નાગરિકોને શુદ્ધ અને સાત્વિક આહાર મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આ સીમાચિહ્નરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે.

બાયોમેડિકલ વેસ્ટની દરખાસ્ત પણ પેન્ડિંગ : ૩૨માંથી ૩૦ દરખાસ્તો મંજૂર , રાત્રી સફાઈમાં લોચા અને કમિટી ચેરમેન અજાણ હોવાથી બે મહત્વની દરખાસ્તો પર બ્રેક

અગિયાર કરોડનો સફાઈ કોન્ટ્રાક્ટ અટકાવ્યો

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મળેલી બેઠકમાં એજન્ડા પર રહેલી ૩૨ પૈકી ૩૦ દરખાસ્તો મંજૂર કરવામાં આવી હતી, જ્યારે રાત્રી સફાઈ માટેના વેક્યુમ મશીનની જાળવણીનો રૂપિયા ૧૧ કરોડનો કોન્ટ્રાક્ટ આપતા પહેલા આ મશીનના કામ અને ખરેખર થતી રાત્રી સફાઈના પરિણામ સામે કોર્પોરેટરોએ સવાલો ઉઠાવતા આ દરખાસ્ત મુલતવી રાખવામાં આવી છે. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા ચેરમેન પરેશ પીપળિયાએ કહ્યું હતું કે, શહેરના મુખ્ય માર્ગો પર ૧૨ ટ્રક માઉન્ટેડ મિકેનિકલ પાવર રોડ વેક્યુમ સ્વીપિંગ મશીનથી રાત્રી સફાઈનું કામ આપવામાં આવ્યું છે અને તેના સંપૂર્ણ ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ માટે ત્રણ વર્ષનો રેટ કોન્ટ્રાક્ટ અર્થ કેર મેનેજમેન્ટ કંપનીને રૂપિયા ૧૧ કરોડના ખર્ચે આપવા પ્રસ્તાવ હતો, પરંતુ રાજકોટમાં ચાલતી રાત્રી સફાઈમાં કેવું કામ થાય છે, કેટલું ડિઝલ અને મેનપાવરનો ઉપયોગ થાય છે તે સહિતની ડિટેલ કોર્પોરેટરોએ માંગી છે તેમજ જૂના મશીન માટે આટલો ખર્ચ યોગ્ય છે કે નહીં તે પણ ચર્ચા માંગતો વિષય હોવાથી આ દરખાસ્ત મુલતવી રખાઈ છે.

આ ઉપરાંત, મનપાની આરોગ્ય શાખા હેઠળના દવાખાના સહિતની જગ્યાઓથી બાયોમેડિકલ વેસ્ટના નિકાલ માટે ડિસ્ટ્રોમેડ બાયો ક્લીન કંપનીને રૂપિયા ૪૫.૫૦ પ્રતિ કિલો અને પ્રતિ આરોગ્ય કેન્દ્ર પ્રતિ માસ રૂપિયા ૩૬૦૦ ટ્રાન્સપોર્ટેશન ચાર્જ મળી વર્ષે રૂપિયા ૧૩.૩૯ લાખનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત હતી, પરંતુ આ દરખાસ્ત અંગેની માહિતી આરોગ્ય સમિતિના ચેરમેન પાસે જ ન હતી, જેથી કોઈપણ વિભાગની દરખાસ્તની માહિતી જે તે સમિતિના ચેરમેનો પાસે હોવી જોઈએ એવા મત સાથે આ દરખાસ્ત પણ પેન્ડિંગ રાખવામાં આવી છે. બીજી બાજુ, સોલિડ વેસ્ટ શાખા માટે નાણાપંચ અંતર્ગત ૧૦ વેક્યુમ સ્વીપિંગ મશીન ખરીદવા અને પાંચ વર્ષનું મેન્ટેનન્સ આપવા પરમેનન્ટ સોલ્યુશન સર્વિસને રૂપિયા ૨૪.૩૨ કરોડના ખર્ચે કામ આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે, જ્યારે વોટર મેનેજમેન્ટના બિનઉપયોગી સાધનોના વેચાણથી રૂપિયા ૧.૬૮ કરોડની આવક થશે અને વોટર વર્કસ તથા બાંધકામ શાખાના સ્ક્રેપના નિકાલથી રૂપિયા ૩૬.૨૬ લાખની આવક થશે તેમજ લિફ્ટ મુકવા અને જાળવણી માટેનો કોન્ટ્રાક્ટ પણ મંજૂર કરાયો છે.



આ બેઠકમાં અન્ય મંજૂર થયેલા કામોમાં વોર્ડ નં. ૩ નાધાપર અને મનહરપુરમાં ટીપી રોડ તથા શેરીઓમાં મેટલિંગ કામ માટે રૂપિયા ૮.૦૩ કરોડ, ઘંટેશ્વર એસટીપી અને પમ્પિંગ સ્ટેશન ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા રૂપિયા ૧.૪૮ કરોડ તથા માજી સૈનિકો માટેની કરાર આધારિત જગ્યાની મુદત અને પગાર વધારવાની દરખાસ્ત સામેલ છે. સાથે જ, અલગ અલગ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ટ્રીટેડ વેસ્ટ વોટરનો રિયુઝ કરવાના નિયમો મંજૂર કરવામાં આવ્યા છે, ગુજરાત એનર્જી કંપનીને રૂપિયા ૮૫.૮૪ કરોડની જમીન વેચવા બહાલી અપાઈ છે, વોર્ડ નં. ૯ સાધુ વાસવાણી રોડ પર પેવિંગ બ્લોકના કામ માટે રૂપિયા ૧૬.૯૮ કરોડ મંજૂર થયા છે અને ઈસ્ટ તથા વેસ્ટ ઝોનમાં ફૂલ ડેકોરેશન તથા પરચુરણ કામગીરીનો રેટ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, ન્યારી-૧ ડેમની કન્ડિશનનું નિરીક્ષણ અને રિવ્યુ સરકાર માન્ય પેનલ પાસે કરાવવા મંજૂરી અપાઈ છે, કટારિયા અંડરબ્રિજ ખાતે પમ્પિંગ મશીનરીનું કામ મિલન ઈલેક્ટ્રિકલને રૂપિયા ૧.૬૧ કરોડમાં અપાયું છે, વેસ્ટ ઝોન હેડવર્ક્સ પર ટેકનિકલ કામનો કોન્ટ્રાક્ટ રૂપિયા ૧.૩૬ કરોડમાં ક્લોરોટેક કંપની સુરતને આપવામાં આવ્યો છે તથા વોર્ડ નં. ૧૨ માં ભૂગર્ભ ગટર ફરિયાદ નિકાલ, વોર્ડ નં. ૧૬ કોઠારીયા રોડ ફાયર સ્ટેશનમાં રિનોવેશન અને જુદા જુદા વિભાગો માટે વાહનોની ખરીદી સહિતના પ્રસ્તાવો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

વિજમાંગનુ વ્યવસ્થાપન જાળવવા એક્શન પ્લાન તૈયાર

ઔદ્યોગિક એકમોમાં બુધવારે સાંજે ૭ કલાકનો વીજકાપ

કન્ટિન્યુ પ્રોસેસ વાળા કારખાનાને અવિરત વિજપુરવઠો મળશે, ઔદ્યોગિક એકમોમે ઉત્પાદન અને પ્રવુતિઓનું સમયપત્રક ગોઠવવું પડશે

રાજકોટ, તા. ૧૬

સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ માંગનું વ્યવસ્થાપન કરવા અને ગ્રીડની સ્થિરતા જાળવવાના હેતુથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં રોટેશનલ પદ્ધતિથી વીજકાપ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંતર્ગત રાજકોટ જિલ્લાના તમામ ઔદ્યોગિક વિસ્તારોમાં દર બુધવારે સાંજે ૪થી રાત્રે ૧૧ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રાખવામાં આવશે. કન્ટિન્યુ પ્રોસેસ વાળા એકમોને કન્ટિન્યુ વિજપુરવઠો મળશે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જણાવ્યાનુસાર પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા યોજાયેલી બેઠકમાં વીજ માંગના વ્યવસ્થાપન અને ગ્રીડની સ્થિરતા જાળવવા માટેના આયોજન અંગે જાણ કરવામાં આવી હતી. વીજ પુરવઠાની વ્યવસ્થા જાળવી રાખવાના હેતુથી સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં રોટેશનલ પદ્ધતિથી વીજકાપ અમલમાં મૂકવાનો નિર્ણય લેવાયો છે.

આ નિર્ણયની સીધી અસર રાજકોટ જિલ્લાના ઔદ્યોગિક એકમો પર પડશે. જિલ્લાનાં વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાં દર બુધવારે નિર્ધારિત સમયગાળા દરમિયાન વીજ પુરવઠો બંધ રહેશે. પરિણામે ઔદ્યોગિક એકમોએ વીજકાપના સમયને ધ્યાનમાં રાખીને ઉત્પાદન પ્રક્રિયા અને અન્ય કામગીરીનું આયોજન કરવું પડશે. રાજકોટ જિલ્લાના શાપર વેરાવળ, મેટોડા, આજી જી આઈ ડી સી, ભક્તિનગર જી આઈ ડી સી, કુવાડવા સહિત આજુબાજુમાં આવેલા મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમો પ્રભાવિત થશે.



ઔદ્યોગિક એકમોને દર બુધવારે સતત સાત કલાક વીજકાપનો સામનો કરવો પડશે

આ સમયગાળા દરમિયાન ઉત્પાદન પ્રક્રિયા, મશીનરીનું સંચાલન અને અન્ય વીજ આધારિત કામગીરીનું આયોજન કરતી વખતે ઉદ્યોગકારોએ વીજકાપના સમયનું ખાસ ધ્યાન રાખવું પડશે.

કન્ટિન્યુઅસ પ્રોસેસવાળા એકમોને મુક્તિ

આ નિર્ણયમાં કન્ટિન્યુઅસ પ્રોસેસવાળા ઔદ્યોગિક એકમોને વીજકાપમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આવા એકમોની ઉત્પાદન પ્રક્રિયા સતત ચાલુ રાખવી જરૂરી હોવાથી તેમને આ નિયંત્રણ લાગુ પડશે નહીં. જોકે, અન્ય ઔદ્યોગિક એકમોએ જાહેર કરાયેલા સમયપત્રક મુજબ પોતાના કામકાજનું આયોજન કરવાનું રહેશે.આ નિર્ણયને પગલે રાજકોટ જિલ્લાના ઉદ્યોગકારોએ બુધવારના રોજ વીજ પુરવઠો બંધ રહેવાના સમયને ધ્યાનમાં રાખીને ઉત્પાદન અને અન્ય ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું સમયપત્રક ગોઠવવું પડશે. ખાસ કરીને વીજળી પર આધારિત ઉત્પાદન પ્રક્રિયા ધરાવતા એકમોએ કામગીરીના સંચાલન માટે અગાઉથી આયોજન કરવું જરૂરી બનશે. દિવાળી નજીકમાં જ છે ત્યારે મોટા ઓર્ડર પુરા કરવા માટે એકમોમાં ૨૪ કલાક શિફ્ટ ચાલુ રહેતી હોઈ છે ત્યારે આવા જ સમયે આ એક્શન પ્લાન જાહેર કરતા અનેક ઔદ્યોગિક એકમોમાં કામ કાજ ખોરવાઈ જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

વેપારીએ પ્રિન્ટર પહોંચાડવા રેપીડો ટ્રીપ બૂક કરાવી પણ ડિલીવરી વગર બોય જતો રહ્યો

કસ્ટમર કેરમાં વાત કરતાં ગઠીયાનો ભેટો!

સાયબર ગઠીયાએ કંપનીના નામે ફોન કરી એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવીઃ ઓટીપી વગર જ નાણા ઉસેડી લીધા
અન્ય બનાવમાં એક લાખ સામે એક લાખ સાંઇઠ હજાર વ્યાજ ચુકવ્યું છતાં પિતા-પુત્રને તલવારથી કાપી નાંખવાની ધમકી

રાજકોટ, તા.૧૬

સાયબર ગઠીયાઓ કોને ક્યારે શિકાર બનાવી લે તેની કોઇને ખબર પડતી નથી. વધુ એક આવી નવતર ઠગાઇ થઇ હતી. જેમાં એક કોમ્પ્યુટરના વેપારીએ રેપીડો સર્વિસ માટે ગૂગલ પર કસ્ટમર કેર નંબર સર્ચ કરવા પ્રયાસ કરતાં ગઠીયાઓએ તેનો સંપર્ક કરી કંપનીના નામે એપીકે ફાઇલ મોકલી તે ડાઉનલોડ કરાવડાવી ફોન હેક કરી નાણા ટ્રાન્સફર કરી લીધા હતાં. આ વધુ એક નવતર કિસ્સો સાયબર ક્રાઇમ પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ ઇસનપુરમાં રહેતા પચાસ વર્ષીય કોમ્પ્યુટર વેપારી ધવલ શાહ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. રેપિડો સર્વિસ માટે ગૂગલ પરથી કસ્ટમર કેર નંબર શોધી સંપર્ક કરતા, સાયબર ગઠિયાએ એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી મોબાઇલ હેક કર્યો. બાદમાં એક્સિસ બેંકના ખાતામાંથી ઓટીપી વગર પંચાણુ હજાર રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કરી લીધા. વેપારીએ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદ શહેરના ઇસનપુરમા રહેતા અને આશ્રમ રોડ ખાતે કોમ્પ્યુટર હાર્ડવેર નેટવર્કનો વેપાર કરતા પચાસ વર્ષી ય આધેડ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. તેમણે રેપિડો એપ્લિકેશનની સર્વિસ બાબતે ગૂગલ પરથી કસ્ટમર કેર નંબર શોધી સંપર્ક કર્યો હતો. સામે રહેલા સાયબર ગઠિયાએ કસ્ટમર સપોર્ટના નામ એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી મોબાઇલ હેક કરીને એક્સિસ બેંક ખાતામાંથી પંચાણુ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કરી લીધા હતા. પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતા વેપારીએ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર ઇસનપુર ખાતે સુનીલ સોસાયટી પાસે આવેલી રાજેશ્વરી કોલોનીમાં રહેતા અને આશ્રમ રોડ પરમિત કોમ્પ્યુટર સર્વિસીસના નામે હાર્ડવેર નેટવર્કનો ધંધો કરતાં ધવલ બચુભાઈ શાહ જે પચાસ વર્ષના છે તેમણ ધંધા અર્થે વસ્ત્રાપુરથી એલિસબ્રિજની સ્તવ્ય હોસ્પિટલ ખાતે પ્રિન્ટર મોકલવા માટે રેપિડો મારફતે ટ્રિપ બુક કરાવી હતી. જોકે ડિલિવરી બોય પ્રિન્ટર આપ્યા વગર જતો રહ્યો હતો અને ઓર્ડર મળ્યો ન હતો. જેથી તેમણે રેપિડોમાં ફરિયાદ કરવા માટે ગૂગલ સર્ચ કરીને મળેલા નંબર પર કોલ કર્યો હતો.

આ પછી સામેથી એક કોલ આવ્યો હતો અને વાત કરનાર અજાણ્યા શખ્સે ધવલભાઈને કસ્ટમર સપોર્ટ નામની



એપીકે ફાઇલ મોકલી તે ડાઉનલોડ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ ફોન ચાલુ રખાવી સ્ક્રીન શેર કરાવી ગૂગલ પે મારફતે રૂપિયા એકનું પેમેન્ટ કરવાની પ્રોસેસ કરાવી હતી. આ પ્રોસેસ પૂર્ણ થતાં જ તેમનો મોબાઇલ હેક થઈ ગયો હતો. થોડી જ વારમાં ધવલભાઈના મણિનગર સ્થિત બેંકના ખાતામાંથી અજાણ્યા શખ્સના બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતામાં રૂ. ૯૫ હજાર ટ્રાન્સફર થઈ ગયા હતા.

કોઈ ઓટીપી આપ્યા વગર નાણાં કપાઈ જતાં તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર જાણ કરી હતી. જે બાદ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ ઓનલાઇન કસ્ટમર કેર નંબર શોધવાના પ્રયાસમાં સાયબર ગઠીયાઓનો ભેટો થઈ ગયો હતો અને નાણા ગુમાવી દીધા હતાં. અહિ રકમ ભલે ઓછી હતી પરંતુ સાયબર ગઠીયાઓ જે મળે તે ઉસેડી લેતાં હોય છે. લોકો ગમે એટલા સતર્ક રહે ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોને શિકાર બનાવી પોતાના ગજવા ભરી લેતાં હોય છે. આ ઘટના તેની વધુ એક સાબિતી આપે છે.

અન્ય એક વ્યાજખોરીની ઘટના જોઇએ તો સુરતના અમરોલી વિસ્તારમાં વ્યાજખોરીની ઘટના સામે આવી છે. યુવકે ધંધા માટે લીધેલા ૧ લાખના બદલામાં માસિક ૧૦થી ૨૦ ટકા લેખે રૂપિયા૧.૬૦ લાખ વસૂલી લીધા બાદ પણ વ્યાજખોરે ચકવૃદ્ધિ વ્યાજ અને પેનલ્ટીના નામે વધુ ૩ લાખની ગેરકાયદેસર ઉઘરાણી કરી પિતા-પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે અમરોલી પોલીસે રત્નકલાકાર પિતાની ફરિયાદના આધારે વ્યાજખોર જીગા ભરવાડ સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી હતી. અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલી શ્રીનાથજી રેસિડેન્સીમાં રહેતા અને હીરા ઘસીને પરિવારનું ગુજરાન ચલાવતા અઠાવન વર્ષીય હસમુખભાઈ છગનભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમનો પુત્ર જય અગાઉ કેમેરાની દુકાન ચલાવતો હતો.

ધંધામાં રૂપિયાની જરૂરિયાત ભી થતાં જયે પરિવારની જાણ બહાર આશરે એકાદ વર્ષ પહેલાં દેવદીપ સોસાયટીમાં રહેતા જીગા ભરવાડ પાસેથી માસિક ૧૦ ટકાના વ્યાજે એક લાખ લીધા હતા. શરૂઆતમાં ચાર મહિના ૧૦ ટકા વ્યાજ લીધા બાદ જીગાએ વ્યાજનો દર વધારીને સીધો ૨૦ ટકા કરી દીધો હતો. છેલ્લા એક વર્ષમાં જયે એક લાખની સામે એક લાખ સાઇઠ હજાર ચૂકવી દીધા હતા. આમ છતાં જીગા ભરવાડે વ્યાજ પર વ્યાજ અને પેનલ્ટી ચઢાવીને જય પાસે વધુ ૩,૦૦,૦૦૦ની ગેરકાયદે માંગણી શરૂ કરી હતી.

જય આ રકમ ચૂકવવા સક્ષમ ન હોવાથી જીગાએ તેને અવારનવાર ફોન કરી, દુકાને જઈ તેમજ રસ્તામાં રોકીને મારઝૂડ કરી બેફામ ગાળો ભાંડી માનસિક-શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ ત્રાસ બાદ જીગા ભરવાડે જયના પિતા હસમુખભાઈને પણ નિશાન બનાવ્યા હતા. હસમુખભાઈ જ્યારે સંબંધીના શ્રાદ્ધમાં હતા ત્યારે જીગાએ ફોન કરી આજે રાત્રે તારા ઘરે આવું છું કહી ધમકી આપી હતી. બીજા દિવસે બે ઓક્ટોબર સવારે હસમુખભાઈ કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે જીગાએ રસ્તામાં મોટરસાઇકલ આડી નાખી ગંદી ગાળો આપી`હવે મારે પૈસા નથી જોઈતા, તારા પરિવારને એટલા મારીશ કે દવાખાને ભા નહીં રહો તેવી ધમકી આપી હતી.

ત્યારબાદ ૬ ઓક્ટોબરના રોજ ફરીથી ગોપીનાથજી રેસિડેન્સી સામે રસ્તો રોકી, અન્ય કોઈ વ્યક્તિને ફોન પર `તલવાર લઈને આવ, આજે આને કાપી નાખવાનો છે કહી ખૂનની ધમકી આપી હતી. જોકે, લોકોની અવરજવર વધી જતાં તે ભાગી ગયો હતો.સમગ્ર ઘટના અંગે હસમુખભાઈએ જીગા ભરવાડ સામે એફઆઇઆ દાખલ કરાવી હતી.

સોમનાથ-જબલપુર એકસપ્રેસ ટ્રેનમાં ટીકીટ ચેકીંગ સમયે રેલ્વે પોલીસે ભાંડો ફોડી નાંખ્યો

ભેજાબાજે યુપી-બિહાર જવા નકલી ટીકીટ બનાવી


સુનીલ સરોજ અને કનૈયા ચૌધરીની ધરપકડઃ બંનેને મિત્ર એવા સિક્યુરીટી ગાર્ડએ એડીંટીંગ કરી નકલી ટીકીટ બનાવી દીધીઃ રેલ્વે પીઆઇ એચ. એમ. રાણા અને પીએસઆઇ કુરેશી અને ટીમની કાર્યવાહી

રાજકોટ તા. ૧૬

ગઠીયાઓ પણ જે મજા આવે એકમાં કારસ્તાન આચરી લેતાં હોય છે. આ વચ્ચે હવે રેલ્વેની નકલી ટીકીટનું કૌભાંડ સામે આવ્યું છે. આજના ડીઝીટલ યુગમાં ખરેખર ઠગો ગમે તે રીતે લોકોને અને સંસ્થાને છેતરવાના નવા-નવા કીમીયા શોધી લે છે. ઓનલાઇન હોય કે ઓફલાઇન ગમે તે રીતે ગઠીયા ર્ધ્યા વગર લોકોને જાળમાં ફસાવતા હોય છે. પરંતુ સજાગતા અને સાવચેતીથી આ ઠગોની દુકાનો એક ઝાટકે બંધ થઇ જતી હોવાના કિસ્સા પણ સામે આવી ચુકયા છે કઇક આવી જ ઘટના રાજકોટ રેલ્વે પોલીસ મથકમાં નોંધાઇ હતી.

લેભાગુઓએ ખોટી રીઝર્વેશન વાળી રેલવે ટીકીટ લઇ ગોંડલના ગુંદાળા ચોકડી પાસે કારખાનામાં રહેતા બે પરપ્રાંતીય શ્રમીકો ટ્રેનમાં મુસાફરી કરી વતનમાં જવા નિકળ્યા હતા. જો કે ટીકીટ ચેકીંગમાં તેનો ભાંડો ફુટી ગયો હતો. વધુ વિગતો જોઇએ તો આ મામલે રેલવેમાં ચીફ ટીકીટ નિરીક્ષક તરીકે નોકરી કરતા રાજનસિંહ રબિન્દ્રસિંહ રાજપુત (ઉ.વ.૩૩ રહે. એસ્કાય સીટી, વેરાવળ રેલ્વે સ્ટેશન પાસે, જી. ગીર સોમનાથ, મુળ બિહાર)એ સુનીલ યશરાજ સરોજ અને કનૈયા ગાયા ચૌધરી (ઉ.વ. ૪૩ રહે. બંને ગુંદાળા, તા. ગોંડલ) સામે રેલ્વે પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, તે સીટીઆઇ તરીકે વેરાવળ ખાતે નોકરી કરે છે. તેની નોકરી ટ્રેનમાં ૧૧૪૬૩ સોમનાથ-જબલપુર એકસપ્રેસ ટ્રેનમાં કોચ નં. એચ-૧, એ-૧,૨,બી-૪,૫ માં વેરાવળથી અમદાવાદ સુધી મુસાફરોની ટીકીટ ચેક કરવાની હતી.

બે વાગ્યા આસપાસ ટ્રેન રાજકોટ રેલ્વે સ્ટેશનથી આગળ તરફ રવાના થઇ હતી. તે રાજકોટથી ટ્રેનમાં ચડેલા પેસેન્જરની ટીકીટ ચેક કરવાની કામગીરી કરી રહ્યા હતા ત્યારે વાંકાનેર રેલ્વે સ્ટેશન આવતા એચ-૧ અને એસ-૧ કોચની વચ્ચે બે પેસેન્જરો ઉભા જોવા મળ્યા હતાં. ટ્રેન વાંકાનેર રેલ્વે સ્ટેશનથી ઉપડતા તેણે તે બને શખ્સો પાસે ટીકીટ માંગી પુછતાછ કરતા તેમણે જણાવ્યુ કે, બને ગોંડલ રેલ્વે સ્ટેશનથી બેઠા હતાં.



જેમાંથી આરોપી સુનિલે 'પ્રયાગરાજ જવાનું' અને કનૈયાએ 'બકસર સુધી જવાનું છે' તેમ કહ્યુ હતું.બને પાસે ટીકીટ માંગતા બને એ અલગ-અલગ ફોનમાં તેની ટિકીટો બતાવી હતી. જે નકલી હોવાની શંકા ગઇ હતી. સુનિલની ટીકીટ ચેક કરતા તેના નામની સાથે હિન્દી અને અંગ્રેજીમાં અલગ-અલગ વિગતો, રૂા. ૭૦૦ ની રકમ ઉપરાંત સહી અને ૬ જેટલા સિકકાઓ લગાવેલા જોવા મળ્યા હતાં. એટલુ જ નહી એક સિકકાની વચ્ચે રેલ્વેના લોગોનું નિશાન પણ જોવા મળ્યુ હતું. જે વેરીફાઇ કરતા ટિકીટ ખોટી હોવાનું ખુલ્યુ હતું. આવી જ રીતે કનૈયા ચૌધરીની ફોનમાં રહેલી ટીકીટ ચેક કરતાં તેમાં પણ હિન્દી અને અંગ્રેજીમાં લખાણ સાથે અશોક સ્તંભવાળી ટીકીટ દેખાઇ હતી.

જેમાં પણ ટ્રેનનો સિમ્બોલ ઉપરાંત સીટ નંબર, સહીઓ અને કુલ સાત જેટલા સિકકાઓ જોવા મળ્યા હતાં. અને ફી-૬૭૦ સાથેની વિગતો લખેલી હતી. જે ટિકીટ પણ વેરીફાઇ કરતા ખોટી હોવાનું જાણવા મળતા આ મામલે ચાલુ ટ્રેને તેવો સી. એમ. આઇ. કંટ્રોલને ફોન અને વોટસએપ કરી જાણ કરી હતી. ટ્રેન સુરેન્દ્રનગર રેલ્વે સ્ટેશન પહોંચતા તેણે આર. પી. એફ.ના સ્ટાફને બને શખ્સોને સોંપી મેમો લખી આપ્યો હતો. ત્યારબાદ તે ટ્રેનમાં અમદાવાદ ગયા હતા. રાત્રે તે ત્યાં રનીંગ રૂમમાં હતા ત્યારે સુરેન્દ્રનગર આર. પી. એફ.ના સ્ટાફે ફોન કરી સુરેન્દ્રનગર બોલાવતા ઉચ્ચ અધિકારીઓને જાણ કરી તે ત્યાં રાત્રે ત્યાં પહોંચ્યા હતાં. ત્યારબાદ આર. પી. એફ. સ્ટાફ સાથે તે રાજકોટ રેલ્વે સ્ટેશને પહોંચી ફરીયાદ નોંધાવતા રેલ્વે પોલીસ મથકના પી. આઇ. એચ. એમ. રાણાની રાહબારીમાં પીએસઆઇ જે. બી. કુરેશીએ બને શખ્સો સામે ગુનો દાખલ કરી અટકાયત કરી હતી.

વધુ માહિતી અનુસાર રેલ્વે પોલીસના પી.આઇ. એચ.એમ. રાણાની રાહબરીમાં પીએસઆઇ જે.બી. કુરેશીએ ગુનો દાખલ કરી બંને શખ્સોની પુછતાછ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પોલીસે જણાવ્યુ કે, આરોપી સુનીલ સરોજ અને કનૈયા ચૌધરી બંને ગોંડલના ગુંદાળા ચોકડી પાસે આવેલ ખેડુત સોલવન્ટના કારખાનામાં રહી મજુરીકામ કરે છે. કનૈયાની દિકરીને વતન બિહારમાં જવાનુ હતુ જયારે સુનીલને તેના વતનમાં આંટો મારવા જવુ હોવાથી આ બાબતે તેના જ કારખાનામાં સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા મૂળ યુપીના મનમોહનસીંગ નામના શખ્સને વાત કરી હતી.

આ સમયે મનમોહનસીંગે તેને ટ્રેનમાં ઓનલાઇન રીઝર્વેશન કરાવી ટીકીટ કરાવી આપવાની વાત કરી હતી. જેના બદલામાં બંનેએ સિકયુરીટી ગાર્ડને ૨૩૦૦ જેટલા રૂપીયા ચુકવ્યા હતા. ત્યારબાદ તેવો ગમે તે રીતે એડીટીંગથી કરીને સુનીલ અને કનૈયાને વોટસએપમાં ટીકીટ મોકલી દીધી હતી. જે લઇ બંને શ્રમિકો ગોંડલથી સોમનાથ જબલપુર ટ્રેનમાં બેસી પોતાના કોચ તરફ ગયા હતા. પરંતુ તેની સીટ પર બીજા કોઇનું રીઝર્વેશન હોવાથી અન્ય મુસાફર સીટ પર જોવા મળતા બંનેએ ત્યાંથી દુર જઇ મનમોહનસીંગને ફોન કરી વાત કરી હતી. આ સમયે મનમોહનસીંગે બંને શ્રમિકોને એક સ્થળે જવાનુ કહયુ હતું. પરંતુ તે પહેલા જ ટીકીટ ચેકીંગ સમયે બંનેને ઝડપી લેવાયા હતા. હાલ પોલીસે તપાસ હાથધરી મનમોહનસીંગને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. જે પકડાયા બાદ નકલી એડીટીંગ કેટલી ટીકીટ કેવી રીતે બનાવાઇ હતી? તેણે બનાવી હતી તેની તપાસ હવે પછી થશે.

પાસબૂક પ્રિન્ટ કરાવતાં ખાતામાં ડેબીટનો મેસેજ હોઇ રીફન્ડનો પ્રયાસ કર્યો ને છેતરાયા

ગૂગલ પર નંબર સર્ચ કરતાં ભેજાબાજે ખેલ પાડ્યો

બીજી તરફ કાપડના ત્રણ વેપારીઓ સાથે વિશ્વાસ કેળવી ગઠીયાઓએ લગાવ્યો બાંસઠ લાખનો ચૂનો

રાજકોટ, તા. ૧૬

ઓનલાઇન ગઠીયાગીરીની વધુ એક ઘટનામાં ગૂગલ પર હેલ્પલાઇન નંબર સર્ચ કરવા જતાં આધેડ સાથે ફ્રોડ થઇ ગયું હતું. તેમણે ફોનપે રીફન્ડ માટે આ પ્રયાસ કર્યો હતો અને હજારોનો ડામ આવી ગયો હતો. સાયબર ગઠીયાઓ આ રીતે હજારોથી માંડી લાખો સુધીની રકમ પડાવતા રહે છે. અન્ય એક ઠગાઇમાં કાપડના વેપારીઓને ગઠીયાઓ રૂબરૂ આવીને બાંસઠ લાખ અઠ્ચોતેર હજારનો ચૂનો લગાવી ગયા હતાં. શરૂઆતમાં રોકડેથી વેપાર કરી વિશ્વાસ જીત્યા બાદ ત્રણ વેપારીઓ પાસેથી માલ લઇ જઇ નાણા ચુક્વ્યા નહોતાં.

પ્રથમ ફ્રોડ જોઇએ તો વડોદરાના હરણી રોડ વિસ્તારમાં રહેતા આધેડને ઓનલાઈન કસ્ટમર કેર નંબર સર્ચ કરવો ભારે પડ્યો હતો. યુપીઆઈમાંથી ડેબિટ થયેલા રૂપિયા બે હજાર ત્રણસોના રિફંડ માટે ગૂગલ પરથી મળેલા હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરતાં સાયબર ઠગોએ હેલ્પ ડેસ્ક હોસ્ટ એપ ડાઉનલોડ કરાવી સ્ક્રીન શેરિંગ મારફતે બેંક ખાતામાંથી રૂ. ૬૪,૦૧૧ સેરવી લીધા હતા. આ મામલે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસના કહેવા મુજબ હરણી રોડ પર આવેલી પુષ્ટીધામ સોસાયટીમાં રહેતા અને શર્મા પેકેજિંગમાં નોકરી કરતા ચિરાગ રમેશચંદ્ર સુરા બેંકમાં પાસબુક પ્રિન્ટ કરાવવા ગયા ત્યારે ખાતામાંથી રૂ. ૨,૩૦૦ ડેબિટ થયાનું સામે આવ્યું હતું. ફોન પે હિસ્ટ્રીમાં આ અંગે કોઈ વિગત ન મળતાં તેમણે ગૂગલ પરથી ફોન પે યુપીઆઈ કસ્ટમર કેરનો નંબર મેળવી સંપર્ક કર્યો હતો.

સાયબર ઠગે રિફંડ અપાવવાની ખાતરી આપી તેમને જાળમાં ફસાવ્યા હતા.આરોપીએ ચિરાગભાઈ પાસે પ્લે સ્ટોરમાંથી "હેલ્પ ડેસ્ક હોસ્ટ" નામની સ્ક્રીન શેરિંગ એપ ઇન્સ્ટોલ કરાવી સેટિંગ્સ ચાલુ કરાવ્યું હતું. ત્યારબાદ વોટ્સએપ પર કોડ મોકલી બેંક ઓફ બરોડાની એપ અને ફોન પે મારફતે બે વાર પિન એન્ટર કરાવ્યો હતો. શંકા



જતાં તેમણે ફોન બંધ કરી દીધો હતો, પરંતુ રાત્રે ફોન ચાલુ કરતાં જ ખાતામાંથી રૂ. ૬૦,૦૧૦ અને રૂ. ૪,૦૦૧ મળી કુલ રૂ. ૬૪,૦૧૧ ઉપડી ગયાના મેસેજ મળ્યા હતા.

બીજી ઠગાઇ જાઇએ સુરતના કાપડ ઉદ્યોગમાં વેપારીઓને નિશાન બનાવી છેતરપિંડી આચરતી ટોળકીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. માંગરોળ અને પીપોદરા વિસ્તારના ત્રણ કાપડ વેપારીઓ પાસેથી કુલ ?૬૨.૭૮ લાખથી વધુની કિંમતનું ગ્રે કાપડ ખરીદ્યા બાદ પેમેન્ટ ચૂકવ્યા વગર ફરાર થઈ જવાનો આક્ષેપ થયો છે. આ મામલે મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝના પ્રોપ્રાઇટર નરેશ કાતરીયા, વહીવટદાર મુકેશ વાણીયા અને દલાલ ભુપત કથીરીયા સામે પાલોદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. માંગરોળના લીંડીયાદ સીમ વિસ્તારમાં પૂજા ફેબ્રિક્સ ચલાવતા હરજીભાઈ સવજીભાઈ ખાંભડીયાનો સંપર્ક દલાલ ભુપત કથીરીયા મારફતે મહાલક્ષ્મી એન્ટર-ાઇઝના નરેશ કાતરીયા સાથે થયો હતો.

શરૂઆતમાં નાના સોદાઓમાં સમયસર પેમેન્ટ કરીને વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ ૪૫ દિવસમાં પેમેન્ટ ચૂકવી દેવાની ખાતરી આપવામાં આવી હતી. જો પેમેન્ટમાં વિલંબ થાય તો માસિક ૧.૫ ટકાના દરે ચાર્જ ચૂકવવાની લાલચ પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આ ખાતરીના આધારે હરજીભાઈ પાસેથી અલગ-અલગ ૬૦ ટ્રીપમાં કુલ ૪૯.૮૭ લાખનું ગ્રે કાપડ ખરીદવામાં આવ્યું હતું. જોકે, નક્કી કરેલી મુદત વીતી ગયા બાદ પણ પેમેન્ટ ચૂકવવામાં આવ્યું ન હતું.

ત્યારબાદ પેમેન્ટની મુદત પૂર્ણ થયા બાદ વેપારીએ નરેશ કાતરીયા અને વહીવટદાર મુકેશ વાણીયાનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બંનેના મોબાઇલ ફોન સ્વિચ ઓફ આવતા શંકા ભી થઈ હતી. ત્યારબાદ સારોલી વિસ્તારમાં આવેલી મહાલક્ષ્મી એન્ટર-ાઇઝની ઓફિસે તપાસ કરતાં તે બંધ મળી આવી હતી. આ ઘટનાને પગલે વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. ત્યારબાદ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

સૌથી વધુ એપીકે ફાઇલથી આચરાઇ રહ્યું છે ફ્રોડઃ કોઇપણ અજાણી આવી લિંક આવે તો ઓપન ન કરો

ફેસબૂક પર એડ જોઈ ને ગુમાવ્યા સાત લાખ

પેન્શનર કાર્ડની જાહેરાત પર કઃ બીજી તરફ એક વેપારીનો ફોન ઝૂંટવી બે ગઠીયાઓએ પ્રોસેસ કરી ઓનલાઇન એક લાખ સોળ હજાર ઉપાડી લીધા!

રાજકોટ, તા. ૧૬

સાયબર ગઠીયાઓ હાલમાં સૌથી વધુ ફ્રોડ એપીકે ફાઇલ મોકલીને કરી રહ્યા છે. બેંકના નામે કે પછી ગેસ બીલના નામે અથવા તો આમંત્રણ પત્રિકાના નામે કે પછી આરટીઓઇ ઇ ચલણના નામે આવી એપીકે ફાઇલ મોકલી લોકોના મોબાઇલ ફોન હેક કરી ઠગાઇ કરવામાં આવી રહી છે. પેન્શનર કાર્ડ કઢાવવાના નામે લાખોની ઠગાઇ હવે થઇ હતી. જેમાં એક વૃધ્ધને બેંક ઓફ ઇન્ડિયાના નામે ફોન કરી તેમનું પેન્શનર કાર્ડ કાઢી આપવાની પ્રોસેસના નામે એપીકે ફાઇલ મોકલી ફોન હેક કરી સાત લાખ જેવી રકમ ગઠીયાઓએ ઉસેડી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના હરણી-વારસિયા રિંગરોડના નિવૃત્ત કર્મચારી રાજેશભાઈ શાહ સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ છે. ફેસબુક પર બેન્ક ઓફ ઇન્ડિયાના પેન્શન કાર્ડની જાહેરાત જોઈને તેમણે લિંક પર ક્લિક કરી. વોટ્સએપ કોલ દ્વારા તેમને બેન્કની એપીકે ફાઈલ મોકલી વિગતો ભરાવી, જેથી તેમના ખાતામાંથી ૬.૯૯ લાખ ઉપડી ગયા. આ મામલે સાયબર સેલમાં ફરિયાદ દાખલ કરાવાઇ હતી. ઓનલાઇન ઠગો હવે પેન્શનર્સને પણ ટાર્ગેટ કરી રહ્યા છે અને તેના માટે જુદીજુદી બેન્કોની એપીકે ફાઇલ મોકલી રહ્યા છે.આ પ્રકારના વધુ એક કિસ્સામાં નિવૃત્ત કર્મચારીએ લાખો ગુમાવ્યા હતા.

પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર હરણી-વારસિયા રિંગરોડની કમલા નગર સોસાયટીમાં રહેતા અને યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સમાંથી નિવૃત્ત થયેલા રાજેશભાઇ શાહે પોલીસને કહ્યું છે કે મારું બેન્ક ઓફ ઇન્ડિયામાં સેવિંગ ખાતું છે.ગઇ તા.૪થી ઓગષ્ટે મારા ફેસબુક પર એક એડવર્ટાઇઝ આવી હતી.જે બેન્ક ઓફ ઇન્ડિયાના પેન્શન કાર્ડ બાબતની હતી. આ જાહેરાતની લિન્ક પર ક્લિક કરતાં એક પેજ ઓપન થયું હતું,જેમાં મેં મારો મોબાઇલ એડ કર્યો હતો.પેજમાં મને પૂછવામાં આવ્યું હતું કે તમે બેન્ક ઓફ ઇન્ડિયાના પેન્શનર છો કે કેમ?જેથી મેં યસ કર્યું હતું.આ પછી બીજા દિવસે મને વોટ્સએપ કોલ આવ્યો હતો અને બેન્ક ઓફ ઇન્ડિયામાંથી વાત કરું છું તેમ કહી તમે પેન્શન કાર્ડ માટે એપ્લાય કર્યું છે પણ સર્વર ડાઉન હોવાથી સમય લાગશે તેમ કહ્યું હતું.



ત્યારબાદ મને બેન્ક ઓફ ઇન્ડિયાની એપીકે ફાઇલ મોકલીને તેમાં વિગતો ભરાવવામાં આવી હતી.જે વિગતો ભરતાં જ મારા ખાતામાંથી રૂપિયા ૬.૯૯ લાખ ઉપડી ગયા હતા,અને આ બાબતે સાયબર સેલને જાણ કરી હતી. પેન્શનર્સને ઠગવા માટે ઓનલાઇન ઠગો જુદી જુદી બેન્કોની એપીકે ફાઇલ બનાવીને અનેક લોકોને મોકલતા હોય છે.તેઓ પેન્શનર કાર્ડ બનાવવાથી શું ફાયદા થાય છે તેનો ઉલ્લેખ કરીને નિવૃત્ત કર્મચારીને ફસાવતા હોય છે.જે બેન્કમાં નિવૃત્ત કર્મચારીનું પેન્શન એકાઉન્ટ હોય તે બેન્કના પેન્શનર કાર્ડ મેળવવા એપીકે ફાઇલમાં એપ્લાય કરે એટલે તરત જ તેમના ખાતામાંથી રકમ ઉપડી જતી હોય છે. કોઇ પણ બેન્ક ઓનલાઇન માહિતી માગતી નથી કે તેને માહિતી આપવાની હોતી પણ નથી. વારસિયા રિંગરોડના નિવૃત્ત કર્મચારી પાસે માહિતી મેળવવામાં ઠગોને મુશ્કેલી પડતી હોવાથી તેમણે વીડિયો કોલ કર્યો હતો અને એટીએમ કાર્ડ બતાવવા કહ્યું હતું. ઠગોએ તેના પરથી ડીટેલ મેળવીને તેમનું કામ પાર પાડયું હતું.

બીજી એક ઠગાઇમાં અમદાવાદ નારોલ વિસ્તારમાં વેપારીનો ચાલુ ફોને મોબાઈલ ઝૂંટવી તસ્કરોએ બેન્કિંગ એપ અને શ્ર્ત થકી રૂ. ૧.૧૬ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આ મોડસ ઓપરેન્ડી બતાવે છે કે ચોરેલો ફોન માત્ર વેચવા માટે નહીં પણ સીધા તમારા બેન્ક ખાતા ખાલી કરવા માટે પણ વપરાઈ શકે છે. નારોલમાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા વેપારી રોડ પર ચાલતાં ચાલતાં ફોન પર વાત કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક બાઈક પર આવેલા બે તસ્કરો તેમના હાથમાંથી મોબાઈલ ફોન ઝૂંટવીને પળવારમાં ફરાર થઈ ગયા હતા.

ચોરીની આ ઘટના બાદ બીજા દિવસે વેપારીએ ટેલિકોમ કંપનીમાંથી પોતાના જ નંબરનું નવું સિમકાર્ડ મેળવ્યું હતું. તેમણે આ નવું સિમકાર્ડ અન્ય ફોનમાં નાખતાંની સાથે જ બેન્કમાંથી નાણાં ડેબિટ થયાના સતત મેસેજ આવવા લાગ્યા હતા. તપાસ કરતાં ચોંકાવનારી વિગત સામે આવી હતી કે, તસ્કરોએ ઝૂંટવેલા મોબાઈલમાં ઇન્સ્ટોલ કરેલી બેન્કિંગ એપ્લિકેશન અને યુપીઆઈ પ્લેટફોર્મનો ગેરકાયદે ઉપયોગ કરીને વેપારીના ખાતામાંથી કુલ રૂ. ૧.૧૬ લાખ અન્ય બેન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. છેતરપિંડીની જાણ થતાં જ વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. બનાવ અંગે નારોલ પોલીસે સાયબર ફ્રોડ અને આઈ.ટી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોબાઈલ સ્નેચિંગ સામાન્ય રીતે સેકન્ડ હેન્ડ માર્કેટમાં ફોન વેચવા પૂરતું મર્યાદિત રહેતું હોય છે, પરંતુ આ કિસ્સામાં તસ્કરોએ ટેકનોલોજીનો ઉપયોગ કરી સીધા બેન્ક ખાતા પર તરાપ મારી છે. પ્રાથમિક દ્રષ્ટિએ વેપારી ફોન પર વાત કરી રહ્યા હોવાથી સ્ક્રીન અનલોક સ્થિતિમાં હોવાની શક્યતા છે અથવા તસ્કરોએ સિમકાર્ડ અન્ય ડિવાઇસમાં નાખી યુપીઆઇ પિન રીસેટ કરવા ઓટીપી મેળવ્યો હોવાની આશંકા છે. આ સિન્ડિકેટ માત્ર સ્થાનિક ચેઇન્સ પૂરતી સીમિત નથી, પરંતુ ચોરીના ફોનમાંથી તાત્કાલિક સાયબર ફ્રોડ કરતી કોઈ સંગઠિત ટોળકીની સંડોવણી તરફ ઈશારો કરતી હોવાથી પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી હતી.

સાયલા પંથકમાં ચાલતા ગેરકાયદે ખનન પર રાજકોટ રેંજ ત્રાટકી

સાયલા પોલીસ વિસ્તારના ચિત્રાલાખા ગામના સરકારી ખરાબામાંથી ગેરકાયદેસર ખનીજ કોલસાની ચોરી કરતા ત્રણ ટ્રેકટર, એક કંપ્રેશન, બે મોટરસાયકલ, ઓગણીસ ચરખી અને ૨૭૦ ટન કોલસો મળીને ૪૩,૯૫,૦૦૦નો મુદ્ધામાલ સીઝ





રાજકોટ, તા.૧૬

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય (ઈજ્જ) રાજકોટ વિભાગ રાજકોટનાઓ દ્વારા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર પ્રવૃતિ આચરનારા ઇસમો ઉપર અંકુશ લાવવા તથા સરકારની સંપતીને તેમજ કુદરતી સંપતીને નુકશાન કરતા ઇસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

જે અન્વયે રાજકોટ રેન્જના પીઆઈ અપૂર્વ પટેલના માર્ગદર્શન મુજબ રાજકોટ રેન્જના પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, એ.વાય.ઉધાસ, એસ.પી.ગોહિલ અને સ્ટાફ દ્વારા આવા શખ્શોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ અને હ્યુમનસોર્સ માટે પેટ્રોલિંગમાં હતા.

દરમિયાન સ્ટાફના યોગેન્દ્રસિંહ ચુડાસમા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, હિતેશભાઇ જોગરાણા અજયવીરસિંહ ઝાલા, દિલીપસિંહ સીંધવ, ફતેસંગ પરમાર, રાજુભાઇ પઢેરીયાએ ટીમ બનાવી સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પો.સ્ટે. વિસ્તારના ચિત્રાલાખા ગામના સરકારી ખરાબામાંથી ગેરકાયદે થતી ખનીજ કોલસાની ચોરી સ્થળે દરોડો પાડ્યો હતો.

દરોડા સમયે પોલીસે સ્થળ ઉપરથી ત્રણ ટ્રેકટર, એક કંપ્રેશન, બે મોટરસાયકલ, ઓગણીસ ચરખી અને ૨૭૦ ટન કોલસો મળીને ૪૩,૯૫,૦૦૦નો મુદ્દામાલ સીઝ કરી સાયલા પોલીસ સ્ટેશનના સ્ટાફને બોલાવી ખાણખનીજના અધિકારીઓને જાણ કરી આગળની કાયદેસરના દંડની કાર્યવાહી કરવા સારુ સીઝ કરેલ મુદ્દામાલ સોંપી દેવાયો છે.

વધુ બે સાયબર ફ્રોડમાં ગઠીયાઓએ કુરીયર સંચાલક, મેડિકલ ઓફિસરને ચૂનો લગાવ્યો

સોફ્ટવેર અપડેટ, ક્રેડીટ કાર્ડ ફી માફીના નામે ફ્રોડ

એક યુવાને પોણો લાખ ગુમાવ્યા અને બીજામાં મેડિકલ ઓફિસરે બે લાખ ગુમાવ્યાઃ બંનેના ફોન હેક કરી રોકડ ઉસેડી લેવાઇ

રાજકોટ તા. ૧૬

સાયબર ગઠીયાઓ ઓનલાઇન એવા અલગ અલગ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને જે તે લોકોના મોબાઇલ ફોન હેક કરીને સતત છેતરપીંડી કરી રહ્યા છે. વધુ બે કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં એક બનાવમાં કુરીયર એજન્સીના સંચાલકને સોફ્ટવેર અપડેટ કરી આપવાની લાલચ આપતો મેસેજ મોકલી ફોન હેક કરી બેંક ખાતુ ખાલી કરી નખાયુ હતું. તો બીજા બનાવમાં મેડિકલ ઓફીસરને કેડીટ કાર્ડ ડિપાર્ટમેન્ટના નામે ફોન કરી પ્રોટેકશન ફી માફ કરી દેવાના નામે ઓનલાઇન છેતરી લેવાયા હતાં.

પ્રથમ કિસ્સા પર નજર કરીએ તો વડોદરામાં સોટવેર અપડેટના નામે પોણો લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. છાણી સિતારામ સુપર માર્કેટ પાસે ડીટીડીસી કુરિયર એજન્સી ચલાવતા મહેશભાઈ ચૌધરીના મોબાઈલમાં સોફ્ટવેર અપડેટની નોટિફિકેશન આવી હતી. તેના પર ક્લિક કરતા જ ફોન હેક થયો અને કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી ૭૫,૦૦૦ રૂપિયા કપાઈ ગયા હતાં. વડોદરાના ન્યુ વી.આઈ.પી. રોડ પર આવેલી દેવરાજ સોસાયટીમાં રહેતા મહેશભાઈ બાબુભાઈ ચૌધરી છેલ્લા પંદર વર્ષથી છાણી સિતારામ સુપર માર્કેટ ખાતે રૂચી એન્ટરપ્રાઇઝ નામે ડીટીડીસી કુરિયરની એજન્સી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

ઠગાઈ મામલે તેમણે વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી જણાવ્યું હતુ કે આશરે બે વાગ્યે હું મારા ઘરે હાજર હતો, ત્યારે મારા મોબાઈલ સ્ક્રીન પર સોફ્ટવેર અપડેટની નોટિફિકેશન આવી હતી. મેં તેના પર કલિક કરતાં જ મારો ફોન ઓટો-અપડેટ થવા લાગ્યો અને થોડી જ વારમાં મારો મોબાઈલ હેક થઈ ગયો હતો. ફોનની સ્ક્રીન પર કંઈ દેખાતું ન હોવાથી, મેં તરત જ સિમકાર્ડ કાઢીને બીજા ફોનમાં નાખ્યું.



સિમકાર્ડ બીજા ફોનમાં મૂકતા મારા કોટક મહિન્દ્રા બેંકના એકાઉન્ટમાંથી રૂ.૭૫,૦૦૦ કપાત થયાનો ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. મેં એવું કોઈ જ ટ્રાન્ઝેક્શન કર્યું ન હોઇ ઠગાઇ થયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી.

બીજી આવી ઘટના જોઇએ તો ડભોઇ રોડના દર્શનમ એન્ટેલિયામાં રહેતા મેડિકલ ઓફિસર દિગ્વિજયસિંહ ગઢવીને છેતરવામાં આવ્યા. ઇન્ડસઇન્ડ બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટમાંથી બોલતો હોવાનું કહી એક અજાણ્યા શખ્સે પ્રોટેક્શન ફી માફ કરવાના બહાને તેમની પાસેથી ઓટીપી મેળવી લીધો. આ રીતે તેણે કુલ ૧.૯૨ લાખ રૂપિયાની ઓનલાઇન ખરીદી કરી લીધી હતી. કપુરાઇ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરાઇ હતી. ડભોઇ રોડ સોમા તળાવ પાસે દર્શનમ એન્ટેલિયામાં રહેતા દિગ્વિજયસિંહ પ્રવિણસિંહ ગઢવી હાલોલ સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર છે. કપુરાઇ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત દસમી ઓક્ટોબરે એક અજાણ્યા નંબર પરથી મને કોલ આવ્યો હતો.

કોલ કરનાર વ્યક્તિએ મને જણાવ્યું હતું કે હું ઇન્ડસઇન્ડ બેંકના ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટમાંથી વાત કરૂં છું.તમારા ક્રેડિટ કાર્ડમાં ૨,૪૯૯ રૂપિયા પ્રોટેક્શન ફી લાગી છે. તમારે આ ફી માફ કરાવવી હોય તો હું જે પ્રોસેસ કરાવું તે રીતે તમારા મોબાઇલમાંથી પ્રોસેસ કરજો. આજે છેલ્લો દિવસ છે. મેં હા પાડી હતી. તેના કહેવાથી મેં એક વેબસાઇટ ઓપન કરી હતી. પ્રોટેક્શન ફી વેવ ઓફના ઓપ્શન પર ક્લિક કરવાનું કહેતા મેં ક્લિક કર્યું હતું. તેના કહેવા પ્રમાણે હું કરતો હતો તે દરમિયાન જ મારા મોબાઇલમાં ૧.૯૨ લાખની ખરીદી કર્યાનો મેસેજ આવ્યો હતો. આ રીતે મારી સાથે ઠગાઇ થઇ ગઇ હતી. તેમ વધુમાં જણાવાતાં સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી હતી.

જુદી જુદી લાલચો આપીને લપેટી લેતાં ગઠીયાઓનો તૂટો નથીઃ બે કિસ્સામાં ત્રણ ઝડપાયા

સસ્તી લોનના નામે લાખોની ઠગાઇનો પર્દાફાશ

અઢાર લાખની ઠગાઇમાં બે અને સવા બે લાખની ઠગાઇમાં એકને પોલીસે સકંજામાં લઇ લીધાઃ લોકોને લાલચથી દૂર રહેવા વધુ એક વખત પોલીસનો અનુરોધ

રાજકોટ તા. ૧૬

અલગ અલગ રીતે થઇ રહેલી ઠગાઇઓ વચ્ચે સાયબર ગઠીયાઓ અલગ સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર અલગ અલગ લાલચ આપતી એડ રીલ્સ મુકીને લોકોને છેતરી રહ્યા છે. શેર બજારમાં રોકાણના નામે, ઘરે બેઠા કામ કરી રીવ્યુ ટાસ્ક આપી કમાણી કરવાની કે પછી સસ્તી લોનના નામે પણ ઠગાઇ થઇ રહી છે. આવી જ વધુ નવી ઘટનાઓ સામે આવી હતી. જેમાં સસ્તી લોનના નામે લાખોની ઠગાઇ થતાં પોલીસે ત્વરીત કાર્યવાહી કરી બે ગઠીયાને પકડી લીધા હતાં. સાયબર ક્રાઇમ પોલીસ ડીજીટલ ફૂટપ્રિન્ટ અને ઇ-મેઇલ આઇડીના આધારે આ ગઠીયાઓ સુધી પહોંચી હતી. જો કે બીજી તરફ અન્ય એક કિસ્સામાં બે મહિલા સાથે લોનના નામે ઠગાઇ કરનારો ગઠીયો પણ પકડાઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરમાં સાયબર ક્રાઇમની ટીમે બેંક લોનના નામે નાગરિકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરતી એક કુખ્યાત ગેંગનો પર્દાફાશ કરી દિલ્હીથી બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં મોટી સફળતા મેળવી હતી. આ કૌભાંડીઓએ દિલ્હીમાં એક કોલ સેન્ટર શરૂ કરીને ત્યાં કેટલાય યુવાનોને નોકરી પર રાખ્યા હતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા હતા. ઓનલાઇન છેતરપિંડી કરનારાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. સાયબર માફિયાઓ યેનકેન -કારે લોકોને છેતરવાની નવી નવી સ્કીમ શોધી લેતા હોય છે. ત્યારે વડોદરામાં આવી છેતરપિંડી કરનારને સાયબર ક્રાઇમે ઝડપી પાડયા હતાં.

પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ, વડોદરાના બે અલગ-અલગ નાગરિકોને સસ્તી કે સરળ લોન અપાવવાની લાલચ આપીને આ ઠગોએ કુલ ૧૮ લાખ ૩૮ હજાર રૂપિયા અને ૫ લાખ ૨૯ હજાર રૂપિયાની મસમોટી રકમ પડાવી લીધી હતી. સસ્તી લોન આપવાના બહાને અનેક લોકો નાગરિકો સાથે છેતરપિંડી કરે છે. ત્યારે આ મામલે વડોદરાના ભોગ બનનાર નાગરિકોની ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ પોલીસે તપાસના



ચક્રો ગતિમાન કર્યા હતા અને ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ તથા ઈમેલ આઈડીની કડીના આધારે દિલ્હી સુધી પહોંચી આ રેકેટનું પગેરું મેળવ્યું હતું. સાયબર ક્રાઇમ પોલીસે દિલ્હીમાંથી જિતેન્દ્રકુમાર લાલચંદ મૌર્ય અને અભિષેકકુમાર હેમલકુમાર નામના બે આરોપીઓને દબોચી લીધા હતાં.

આ બારામાં માહિતી આપતાં સાયબર ક્રાઇમના એસપી એમ એમ રાજપૂતે જણાવ્યું હતું કે પોલીસ તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી સાત મોબાઈલ ફોન, બે લેપટોપ, બે રાઉટર અને પાંચ સિમ કાર્ડ સહિતનો શંકાસ્પદ તથા ટેકનિકલ મુદ્દામાલ જમ કરવામાં આવ્યો છે. સાયબર ક્રાઇમની ટીમ બંને આરોપીઓને વડોદરા ખાતે લાવીને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે અને આ કૌભાંડમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલ છે તથા દેશના અન્ય કયા નાગરિકો આનો ભોગ બન્યા છે તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી.

બીજી તરફ દમણમાં લોન અપાવવાના બહાને છેતરપિંડી કરનાર વાપીના છવ્વીસ વર્ષીય શખ્સ સેમસન સિંહ ઉર્ફે શુભમ મનોજ સિંહને દમણ પોલીસે નવી મુંબઈથી પકડ્યો હતો. તેણે બે લોકોના બે લાખ અઢાર હજાર લોન અપાવવાના નામે પડાવી લીધા હતાં. પોલીસે જણાવ્યું કે આ ઠગાઇમાં બ્રિજેશ મૌર્યએ ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેમને ૧.૫૦ લાખની લોન અપાવવાના બહાને ૪૧,૨૬૯ રૂપિયા પોતાની પાસે ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ ઉપરાંત, ફરિયાદીના મિત્ર લવકુશ રામશિયા પટેલને પીએફની રકમ ઉપાડવામાં મદદ કરવાનું કહી તેમના બજાજ ફાઇનાન્સ કાર્ડનો દુરૂપયોગ કર્યો. આ કાર્ડથી ૯૮,૯૦૪ અને ૭૮,૫૪૩ રૂપિયાના બે મોંઘા મોબાઈલ ફોન ખરીદ્યા હતા.

પોલીસે ટેકનિકલ સર્વેલન્સથી આરોપીને નવી મુંબઈથી પકડ્યા હતો. પોલીસે તેના ચાર દિવસના રિમાન્ડ મેળવી તપાસ શરૂ કરી હતી. આરોપીએ દમણ, મોરાઈ અને સેલવાસમાં પણ છેતરપિંડીની કબૂલાત આપી હતી. પોલીસે નાગરિકોને અજાણ્યા વ્યક્તિઓ સાથે ઓટીપી, બેન્કિંગ અને કાર્ડની વિગતો શેર ન કરવા તથા અધિકૃત સંસ્થાઓ પાસેથી જ લોન લેવા અપીલ કરી હતી. જો કે પોલીસ સતત લોકોને આવા ફ્રોડ સામે જાગૃત કરતી રહે છે. આમ છતાં લોકો આવા ગઠીયાઓની જાળમાં આબાદ ફસાઇ જઇ નાણા ગુમાવતાં રહે છે તે પણ કડવું સત્ય છે.

પુર્વ કર્મીએ નોકરીમાંથી કાઢી મુક્યાનો ખાર રાખી રચ્યું કાવતરું : યુપીના ૧૦ ઝબ્બે

બદલો લેવા હત્યા-લૂંટને આપ્યો'તો અંજામ

હાલના કર્મી અને પૂર્વ કર્મીએ પાંચ મહિના પહેલા કાવત્રુ ઘડ્યું હતું: પંદર ટીમોએ સાથે મળી બીજા રાજ્ય-જીલ્લાની પોલીસની મદદથી તમામ આરોપીઓને પકડી ૧૦૦ ટકા મુદ્દામાલ રીકવર કર્યોઃ જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિકે આપી વિગતો



JCP **ચૈતન્ય માંડલિક**











DCP CRIME **જગદીશ બાંગરવા**

રાજકોટ તા. ૧૬

શહેરના આજી જીઆઇડીસીમાં તન્વી એક્ષપોર્ટ નામની સોના-ચાંદીના ઘરેણા બનાવતી પેઢીના કર્મચારી લાલજીભાઇ લવજીભાઇ સરધારાની તન્વી એક્ષપોર્ટ પેઢી બહાર જ રીફાનરી નજીક ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરી હત્યા નીપજાવી રૂા. ૧,૫૩,૨૦,૦૦૦ની લૂંટ ચલાવવાની ઘટનામાં નવ કલાકમાં જ રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચ, એસઓજી, એલસીબી ઝોન-૧ની ટીમે ભેદ ઉકેલી સુત્રધાર એવા તન્વી ગોલ્ડ પેઢીના પુર્વ કર્મચારી યુપીના શખ્સ, હાલના કર્મચારી સહિત યુપીના ૧૦ શખ્સોને ઝડપી લઇ લૂંટાયેલો સોએ સો ટકા મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ઘટનાને અંજામ આપવા પેઢીના પુર્વ કર્મચારીએ હાલના કર્મચારી સાથે મળી પાંચ મહિના પહેલા કાવત્રુ ઘડ્યું હતું. તેને નોકરીમાંથી કાઢી મુકાતાં અપમાનનો બદલો લેવા તેણે લૂંટ કરી હતી. પ્લાનમાં એ પણ નક્કી હતુ. કે જે આડે આવે તેને ઢાળી દેવાનો. આથી જ કર્મચારી લાલજીભાઇએ પ્રતિકાર કરતાં તેની હત્યા કરાઇ હતી.

વિગતો જોઇએ તો આ હત્યા લૂંટની ઘટનામાં સુત્રધાર લંકેશ ઉર્ફે અશ્વિનીકુમાર આ પેઢીમાં જ નોકરી કરતો હતો. પાંચ મહિના પહેલા તેને નોકરીમાંથી હાંકી કઢાયો હોઇ અપમાનનો બદલો લેવા તેણે અહિ લૂંટ કરવાનો પ્લાન પાંચ મહિના પહેલા જ ઘડી લીધો હતો. જેમાં યુપીના અને હાલમાં પણ પેઢીમાં નોકરી કરતાં શખ્સ શૈલેષની મદદ લઇ બીજા યુપીના ૮ શખ્સોને સામેલ કરી આ ઘટનાને અંજામ આપ્યાનું ખુલ્યું હતું. જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિકે સમગ્ર કામગીરીની વિગતો જણાવી હતી.

પોલીસે આ હત્યા લૂંટની આ ઘટનામાં થોરાળા પોલીસ સ્ટશેનમાં ગુનો દાખલ થયો હતો. પોલીસે આ ગુનામાં ૧૦ આરોપીઓ અશ્વિનીકુમાર ઉર્ફે લંકેશ મનોજસીંગ રાજપૂત (ઉ.વ.૨૭, ધંધા-ખેતી/મજુરી, રહે. કમ્હરીયા ગામ, થાણા કન્દવા, જિ. ચન્દૌલી, ઉત્તરપ્રદેશ) તથા તેના સાગ્રીતો યુપીના અનુરાગસીંગઓમપ્રકાશસીંગ રાજપૂત (ઉ.વ.૨૧, ધંધો-રેપિડો ડિલિવરી બોય, રહે. મીર્જાપુર ગામ, તા. સૈજપુર, જિ. ગાજીપુર, થાણા બહરીયાબાદ), વિશાલસીંગ વિનોદસીંગ રાજપૂત (ઉ.વ.૨૩ અભ્યાસ, બીખેપુર ગામ, પોસ્ટ ધરીકલા, તા. સૈદપુર, જિ. ગાજીપુર, થાણા સાદિયાબાદ), શિવમ્ ગીરીશચંદ્ર ગુમા (ઉ.વ.૧૯-રેપિડો ડિલિવરી બોય, રહે. મખદુમપુર ગામ, થાણા સાદાત, તા. સૈદપુર, જિ. ગાજીપુર), વેદાંતકાંત ઉર્ફે અમન રમાકાંત પાંડે (ઉ.વ.૨૮-ધંધો ટ્રાન્સપોર્ટ, રહે. ઓઇની ચૌબેગામ, પોસ્ટ ઓઇની મિશ્ર, રાવર્ટઝગંજ, જિ. સોનભદ્ર), પવનકુમાર શિવપ્રસાદ ચૌબે (ઉ.વ.૩૯, ધંધો-ડ્રાઇવિંગ, રહે. ઘુવાસ મહોલ્લા, રોબર્ટ્સગંજ, વોર્ડ નં. ૧૬, જી. સોનભદ્ર), અરવિંદ ઉર્ફે નીરજે હરીશંકર તિવારી (ઉ.વ.૩૫, ધંધો-ટ્રાન્સપોર્ટ રહે. વિશુનપુરા ગામ, પોસ્ટ કરમા, થાણા રાજગઢ, જિ. મિર્ઝાપુર), શૈલેષકુમાર કર્મવીરભાઇ ખરવાર (ઉ.વ.૨૧- ટીપ આપનાર તન્વી એક્ષપોર્ટ પેઢીનો હાલનો કર્મચારી, રહે. વતન કમ્હરીયા ગામ, તા. ચંદૌલી, થાણા કન્દવા, જિ. ચન્દૌલી તેમજ હાલ રાજકોટમાં મોચીબજાર, મટન-મચ્છી બજારની બાજુમાં, જયદીપ સાઇકલની બાજુમાં, રિધ્ધી ચૌહાણના મકાનમાં ભાડેથી) અને અજીતકુમાર રામશપથ પાંડે (ઉ.વ.૨૪-રહે. ડેડવાલિયા ગામ, તા. સકલદિહા, થાણા ધાનાપુર, જિલ્લો ચંદૌલી) તેમજ શિવમ અશોક પાંડે (ઉ.વ.૨૬-રહે. ડેડવાલીયા ગામ, તહસીલ સકલદિહા, પોલીસ સ્ટેશન ધાનાપુર, જિલ્લો ચંદૌલી, ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી હતી.

જોઇન્ટ પોલીસ કમિશનરએ જણાવ્યું હતું કે આ આરોપીઓ પાસેથી પોલીસે લૂંટમાં ગયેલા સોનાના રીફાઇન ઢાળીયા ૯૪૬ ગ્રામ રૂા. ૧,૪૮,૯૦,૦૦૦ના તેમજ રીફાઇના ચાંદીનો ડસ્ટ પાવડર આશરે ૨ કિલો રૂા. ૪,૩૦,૦૦૦ કબ્જે કર્યા છે. આ ઉપરાંત ટીગોર કાર ૧ લાખની, કીયા કાર ૩ લાખની અને રૂા. ૪૫૫૦૦ના ૮ મોબાઇલ ફોન કબ્જે કર્યા છે. ચૈતન્ય માંડલિકે આળ જણાવ્યું હતું કે તા. ૧૪/૧૦ના સાંજે આઠેક વાગ્યાના અરસામાં થોરાળા પોલીસ સ્ટેશન હેઠળના આજી જી.આઇ.ડી.સી. મેઇન રોડ પર, બાવીશી વે-બ્રિજ સામે આવેલા તન્વી એક્ષપોર્ટ ઇન્ડિયા લિમિટેડ નામના કારખાનાની રિફાઇનરી ખાતે આ બનાવ બન્યો હતો.

પેઢીના મેનેજર લાલજીભાઇ લવજીભાઇ સરધારા (રહે. રાજકોટ) કારખાનામાંથી શુધ્ધ કરેલું સોનું અને ચાંદી થેલામાં ભરીને નજીકમાં આવેલા શો-રૂમ ખાતે જવા માટે પોતાના એક્ટિવા મોટરસાયકલ પર બેસવા જતા હતા. તે સમયે થેલામાં રિફાઇન સોનાના ઢાળિયોં વજન આશરે ૯૪૬ ગ્રામ કિંમત રૂ. ૧,૪૮,૯૦,૦૦૦ તથા રિફાઇન ચાંદીનો ડસ્ટ પાવડર વજન આશરે ૨ કિલો કિંમત રૂ. ૪,૩૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૫૩,૨૦,૦૦નુ સોનુ-ચાંદી હતાં. આ દરમિયાન મરૂન કલરની ટાટા ટિગોર કારમાં ચાર અજાણ્યા શખ્સો આવ્યા હતા. તેમાંથી બે આરોપીઓ નીચે ઉતરી લાલજીભાઇ પાસેથી સોના-ચાંદી ભરેલો થેલો છીનવવાનો પ્રયાસ કર્યો હતો.

લાલજીભાઇ તથા ત્યાં હજાર સિક્યુરિટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયારે પ્રતિકાર કરતાં એક આરોપીએ લાલજીભાઇ સરધારા પર પિસ્તોલમાંથી ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી દેતાં તેમને સારવારમાં ખસેડાયલ પણ મોત થયું હતું. બીજી તરફ લૂટારાઓ થેલો લઇને ફરાર થઈ ગયા હતા. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી, એલસીબી ઝોન-૧ અને સ્થાનિક પોલીસની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. ઘટનાસ્થળ તથા આસપાસના સીસીટીવી કેમેરા ચકાસતાં લૂંટમાં વપરાયેલી મરૂન કલરની ટાટા ટિગોર કાર શંકાસ્પદ જણાતાં ટેકનિકલ સર્વેલન્સ હાથ ધરાયું હતું.

તપાસ દરમિયાન ગાડી અન્ય રાજ્યની હોવાનું ખુલતાં રાજસ્થાનના સરહદી જિલ્લાઓની પોલીસ સાથે આંતરરાજ્ય સંકલન સાધી મેસેજ વહેતા કરાયા હતા. રાજસ્થાનના સિરોહી જિલ્લાના પિંડવાળા પોલીસ સ્ટેશનની ટીમે જનાપુર સર્કલ પાસેથી ટાટા ટિગોર ગાડી સાથે ૪ શખ્સને પકડી લેવાયા હતાં. આ પછી પકડાયેલા આરોપીઓની વિડિયો કોલથી સઘન પૂછપરછ કરતાં લૂંટનો મુદ્દામાલ અન્ય બે આરોપીઓ કિયા સોનેટ કારમાં લઈને ભાગ્યા હોવાની વિગત ખૂલી હતી. આથી ઉદયપુર કંટ્રોલ રૂમ મારફતે બડગાંવ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી બડગાંવ (જિ. ઉદયપુર, રાજસ્થાન) ખાતેથી કિયા સોનેટ કાર તથા મુદ્દામાલ ઝડપી લેવાયો હતો. આગળની તપાસમાં ગુનામાં સામેલ અન્ય આરોપીઓને કચ્છના સામખીયાળી ખાતેથી તથા આ સમગ્ર લૂંટની ટીપ આપનાર મુખ્ય સાગરીતને રાજકોટ ખાતેથી પકડી પાડી કુલ ૧૦ આરોપીઓને દબોચી લેવાયા હતાં.

જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિકે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે આ લૂંટ-મર્ડરની ઘટનામાં મુખ્ય સુત્રધાર લંકેશ ઉર્ફે અશ્વિનીકુમાર છે. તે અગાઉ તન્વી એક્ષપોર્ટમાં નોકરી કરતો હતો. તેની સાથે યુપીની શૈલેષ ખરવાર પણ નોકરી કરે છે. લંકશેને કોઇપણ કારણોસર પાંચ મહિના પહેલા નોકરીમાંથી કાઢી મુકવામાં આવતાં તેને પોતાનું અપમાન થયાનું લાગ્યું હતું. અહિ પેઢીમાં મોટા પ્રમાણમાં સોના-ચાંદીનો રોજ વેપાર થતો હોઇ તેનાથી તે વાકેફ હોઇ અપમાનનો બદલો લેવા તેણે અહિ જ લૂંટ કરવાનો પ્લાન ઘડ્યો હતો. આ પ્લાનમાં તેણે સૌપ્રથમ પેઢીમાં નોકરી કરતાં યુપીના શૈલેષ ખરવારને સામેલ કર્યો હતો. તેને લૂંટમાં બરાબરનો હિસ્સો આપવાની લાલચ દીધી હતી.

આ પછી લંકેશે યુપીના અનુરાગસિંગ, વિશાલસિંગને મદદમાં લીધા હતાં. આ બંને મારફત બીજા છને પણ ગેંગમાં સામેલ કર્યા હતાં. પેઢીમાં નોકરી કરતાં કરતાં શૈલેષ તમામ ગતિવિધીની વિગતો લંકેશને આપતો હતો. લૂંટ માટે હથીયાર, બે કારની વ્યવસ્થા ઉભી કરાયા બાદ પ્લાનને અંજામ આપવા ૧૩મીએ લંકેશ સહિતના ચાર ટીઆગો કાર મારફત રાજકોટ ઘટના સ્થળે પહોંચ્યા હતાં. બીજી એક કીયા કારમાં પાંચ જણા ચોટીલા પાસે ઉભા હતાં.

પ્લાન મુજબ લંકેશ સહિતના કાર સાથે તન્વી પેઢી પાસે આવી ગયા હતાં. બનાવની સાંજે લાલજીભાઇ સરધારા સોનુ-ચાંદી લઇને નીકળતાં જ વોચ રાખી રહેલા શૈલેષે તુરત જ લંકશેને જાણ કરી દીધી હતી.

એ સાથે જ લંકેશ, અનુરાગસિંહ સહિતના એક્ટીવા પાસે ધસી ગયા હતાં અને થેલો ખેંચી લીધો હતો. જેમાં લાલજીભાઇએ પ્રતિકાર કરતાં અનુરાગસિંગે ત્રણ ગોળીઓ ધરબી દીધી હતી. બાદમાં બધા લૂંટ કરી ભાગ્યા હતાં. ટીયાગો કારમાં ચોટીલા પહોંચ્યા પછી આ કારમાંથી મુદ્દામાલ સાથે એક શખ્સ ઉતરીને કીયા કારમાં બેસી ગયો હતો. પછી અહિથી બધા આરોપી અલગ અલગ ભાગ્યા હતાં. છેલ્લે રાજસ્થાન ભેગા થવાનું નક્કી કરાયું હતું. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સીધી દેખરેખ હેઠળ ૧૫ ટીમોએ પાટણ, બનાસકાંઠા સહિત ચાર જીલ્લાની પોલીસ અને રાજસ્થાન રાજ્યની પોલીસની મદદ લીધી હતી અને આરોપીઓને નવ કલાકમાં ઝડપી લીધા હતાં.

શરૂઆતમાં જે કાર કેમેરામાં દેખાઇ હતી તેના નંબર કારની કંપની સ્પષ્ટ સોફ્ટવેર તેમજ એઆઇની મદદ લેવાઇ હતી. જેમાં કારનો રંગ, કંપની સહિતની વિગતો મળતાં ટ્રેક કર્યુ હતું. છ આરોપીઓને રાજસ્થાન-ઉદયપુરથી, ત્રણને મોરબીના સામખીયાળી પાસેથી અને એકને રાજકોટથી પકડી લેવાયો હતો. આ લૂંટમાં મુખ્ય ચાર સુત્રધારો પોતાની પાસે ૭૦ ટકા માલ રાખવાના હતાં અને બાકીના ૩૦ ટકામાં બીજા છને ભાગ આપવાનો હતો. સુત્રધાર લંકેશે પ્લાન ઘડ્યો ત્યારે જ નક્કી કરી લીધુ હતું કે જો આ પ્લાન આડે કોઇ આવે તો તેને પતાવી દેવો. એ મુજબ જ કર્મચારી લાલજીભાઇ સરધારાએ પ્રતિકાર કરતાં તેમને અનુરાગસિંગે ત્રણ ગોળીઓ ધરબી દીધી હતી. આરોપીઓ પાસે અન્ય એક હથીયાર પણ હતું. જે તેણે ક્યાંક ફેંકી દીધાનું કહેતાં હોઇ તપાસ યથાવત રખાઇ હતી.

આ કામગીરી ગુજરાત રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક, રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડિશનલ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બંગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ તથા એસીપી ક્રાઇમ બી.બી.બસીયાના માર્ગદર્શન હેઠળ ડીસીબી પોલીસ સ્ટેશનના પીઆઇ એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવ, એસઓજી પીઆઇ એન.બી.ચૌધરી, થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એસ.પી.સોંઢા, ડીસીબીના પીએસઆઇ એ. એન. પરમાર, એસ. એમ. રાણા, વી. ડી. ડોડિયા, વી. ડી. રાવલીયા, ડી. પી. ઝાલા, સી. બી. જોડેજા, એલસીબી ઝોન-૧ પીએસઆઇ એમ.કે. મોવલીયા તથા એલસીબીની સમગ્ર ટીમોના કર્મચારીઓએ કરી હતી. આરોપીઓની વધુ પુછતાછ માટે રીમાન્ડ મેળવી વિશેષ તપાસ આગળ ધપાવાશે.

કોઈ જનેતા આટલી ક્રૂર, કાતિલ કઈ રીતે બની શકે?

એને મારી નાખીશ પણ તને નહિ દઉં પૂનમે અંતે દિકરીને મારી જ નાખી!

શહીદ ઉધમસિંહ ટાઉનશીપની ઘટનામાં અંતે હત્યાનો ગુનો નોંધી બી ડિવિઝન પોલીસે હત્યારી જનેતાની કરી ધરપકડઃ તે સતત પતિને કહેતી કે તારી દિકરીને મારી નાખીશઃ આ ધમકીને અક્ષરસઃ સાચી ઠેરવી

રાજકોટ તા. ૧૬

શહીદ ઉધમસિંહ ટાઉનશીપ વિસ્તારમાં બનેલી અત્યંત હૃદયદ્રાવક, ચોંકાવનારી અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી હતી. જેમાં એક કળિયુગી માતાએ પોતાના જ ઘરેલું વિવાદ અને પતિ પ્રત્યેના રોષમાં આંધળી બનીને પોતાની બે વર્ષની માસૂમ ફૂલ જેવી દીકરીને પાંચમા માળેથી નીચે ફેંકીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી છે. આ ઘટનાને પગલે સમગ્ર રાજકોટ શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને ભારે રોષની લાગણી ફેલાઈ છે. રિસામણે આવ્યા પછી પૂનમ પાસે જ્યારે પણ પતિ સઁજય દિકરીને માંગતો ત્યારે પૂનમ ધમકી આપી કહેતી કે તારી દિકરી મારે પણ નથી જોઈતી, હું એને મારી નાખીશ પણ તને તો નહીં જ આપું. પૂનમે અંતે માસૂમ દિકરીને મારી નાખી ધમકીને ખરી ઠેરવી હતી.

મળતી વિગતો અનુસાર, શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં રહેતા સંજયભાઈ સાકરીયા અને તેમની પત્ની પૂનમબેન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પારિવારિક પ્રશ્નો અને મતભેદોને કારણે મનદુઃખ ચાલી રહ્યું હતું. આ વિવાદ



એટલો વધ્યો હતો કે પૂનમબેન પોતાની બે વર્ષની માસૂમ દીકરીના જન્મ બાદથી રિસામણે પોતાના પિયર કે અન્યત્ર ચાલ્યા ગયા હતા. પતિ સંજયભાઈ પોતાની પત્ની અને દીકરી બંનેને પરિવારમાં પાછા લાવવા માટે સતત પ્રયાસો કરી રહ્યા હતા. તેમણે અવારનવાર પત્ની સાથે સમાધાન કરવાના અનેક પ્રયાસો કર્યા હતા અને સાસરે પરત આવવા માટે અનેક વખત આજીજી પણ કરી હતી. પરંતુ, પૂનમબેન કોઈપણ પ્રકારે સાસરે પરત આવવા માટે તૈયાર નહોતા.

આ દરમિયાન વિવાદ વધુ વણસ્યો હતો કારણ કે પિતા સંજયભાઈ અવારનવાર પોતાની દીકરીને મળવા માટે અથવા તો પોતાની પાસે લાવવા માટે માગણી કરતા હતા. પરંતુ કળિયુગી માતા પૂનમબેન દીકરી આપવાની સ્પષ્ટ ના પાડી દેતી હતી. એટલું જ નહીં, પતિ સાથેની તીખી બોલાચાલી અને જીદમાં આ નિષ્ઠુર જનેતાએ અગાઉ પતિ સમક્ષ એક અત્યંત ભયાનક અને ધમકીભર્યો દાવો કર્યો હતો કે, ''તારી દીકરી મારેય નથી જોઈતી, તેને મારી નાંખીશ પણ તને તો નહીં જ આપું!'' પતિને એમ હતું કે આ માત્ર ગુસ્સામાં બોલાયેલા શબ્દો છે, પરંતુ તે કલ્પના પણ નહીં કરી શકીએ કે કોઈ માતા આટલી હદે ક્રૂર બની શકે છે.

પૂનમબેને પોતાની આ ધમકીને અક્ષરસઃ સાચી ઠેરવીને શહીદ ઉધમસિંહ ટાઉનશીપ ખાતેના પાંચમા માળેથી પોતાની જ બે વર્ષની કૂમળી વયની માસૂમ દીકરીને નીચે ફેંકી દીધી હતી. પાંચમા માળેથી નીચે પટકાવવાને કારણે માસૂમ બાળકીને ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. પોતાની જ સગી દીકરીનો જીવ લેતી આ ઘટનાથી આસપાસના રહેવાસીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા અને માતાના આ કૃત્ય સામે ફિટકાર વરસાવી રહ્યા હતા.

આ ગંભીર અને દર્દનાક બનાવ અંગે મૃતક માસૂમ બાળકીના પિતા સંજયભાઈ સાકરીયાએ ત્વરિત પગલાં લઈને રાજકોટ શહેરના બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોતાની પત્ની પૂનમ સાકરીયા વિરુદ્ધ દીકરીની હત્યા કરવા અંગેની સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. બનાવની ગંભીરતા અને સંવેદનશીલતાને ધ્યાને લઈ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ જી.આર. ચૌહાણ તથા એએસઆઈ હીરાભાઈ રબારી સહિતના પોલીસ કાફલાએ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે અને તપાસ હાથ ધરી હતી. પોલીસે પિતા સંજય સાકરીયાની ફરિયાદના આધારે આરોપી માતા પૂનમ સાકરીયા સામે હત્યાનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી લીધી છે અને કાયદેસરની કાર્યવાહી કરી તેને કોર્ટ હવાલે કરવાની તજવીજ હાથ ધરી છે.